# વાયડામિત્ર

વર્ષ : ૯૮ અંક : ૮ ઓગસ્ટ – ૨૦૨૦

કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક)



With Best compliment form

## Shree Vayad Group of Companies

**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samarinandan Projects pvt. Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Trupti Rajendra Shah
Rahul Shah

Jitendra Shah
Sunita Shah

Address

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi,
M.G. Road, Ghatkopar, East Mumbai - 400 077
Ph. 022-21027687, E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**ઓગસ્ટ - ૨૦૨૦, પ્રત–૧૧૨૬, વર્ષ–૯૮, અંક–૮**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

ડી/૬૦૨, વિષ્ણુધારા ગાર્ડન્સ, ઈલોગીયા હોટલ પાછળ,

ઓફ એસ.જી. હાઈવે, ગોતા–જગતપુર રોડ, અમદાવાદ–૩૮૨૪૭૦

ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ (સાંજે ૯.૦૦ પછી) ઈ–મેઈલ : naparikh7@yahoo.in

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂા.૩૦/–(સામાન્ય), રૂા.૧૦૦૧/–(આજીવન), રૂા.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં** : રૂા. ૫૦૦૧/– સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

# માણસ ઓળખાયો છે



લોકડાઉનની આ સ્થિતિમાં,
અઘરી એવી આ કસોટીમાં,
અભાવની આ ફરીયાદમાં,
અજાણી આ પરિસ્થિતિમાં,
માણસ ઓળખાયો છે.

સંબંધોની આ સુગંધમાં,
કુટુંબની આ એકતામાં,
પાડોશી સાથેની આપ-લે માં,
ઘરની ચાર આ દિવાલોમાં,
માણસ ઓળખાયો છે.

દાનના આ અવિરત પ્રવાહમાં,
મારું, તારૂં ની આ મથામણમાં,
જીવનના આ કપરા કાળમાં,
મોતની આ હાથતાળીમાં,
માણસ ઓળખાયો છે.

ઘરના એક ખૂણામાં,
શાંત આ વાતાવરણમાં,
પ્રદૂષણ વગરની આંબોહવામાં,
ઘરના આ બગીચામાં,
માણસ ઓળખાયો છે.

**- રિપલકુમાર પરીખ**

# થાઈરોઈડ ગ્રંથિ – Naturopath Series 4.



આ પતંગિયા આકારની, ગળાના આગળના ભાગમાં આવેલી હોર્મોન ગ્રંથિ છે. આપણા ખોરાકમાં રહેલા વિટામીન અને મિનરલ્સનું લીવર પાચન કરીને enzymes બનાવે છે. એ enzymesની મદદથી જુદી જુદી ગ્રંથિ જુદા જુદા હોર્મોન્સ બનાવે છે. આ ગ્રંથિને enzymesની સાથે Iodine અને ઉંચી ગુણવત્તાવાળા પ્રોટીનની જરૂર પડે છે. થાઈરોઈડ હોર્મોન આપણા શરીરની મેટાબોલિઝમ ને regulate કરે છે. ઘણી વખત stress, આરામનો અભાવ, relationship માં થતાં પ્રોબ્લેમ, ચિંતા, ઉચાટ, નજીકની વ્યક્તિનું મરણ, Climate Change, diet, exercise ના કોઈ એકાદ કે વધારે કારણસર TSH Level વધી શકે છે. તેની તાત્કાલિક દવા લેવી જ એવું જરૂરી નથી. Hypothyroid ની દવા શરૂ કરતાં પહેલાં તેનું કારણ જાણવું જરૂરી છે.

શરીરની બધી જ આંતરિક અને બાહ્ય પ્રક્રિયા એકબીજા સાથે જોડાયેલી છે. કોઈ એક અવયવ, એક હોર્મોન, એક muscle, એકાદ bone કે એકાદ cell નું અનિયમિત કાર્ય શરીરના કોઈ એકાદ પ્રોબ્લેમ માટે જવાબદાર નથી. મને થાઈરોઈડ પ્રોબ્લેમ છે માટે મારું વજન ઉતરતું નથી કે ઉતરશે જ નહીં તે માન્યતા સદંતર ખોટી છે અને કદાચ ક્યારેય લોકોના માનસમાંથી જશે પણ નહિ. થાઈરોઈડ હોર્મોન balance ન થાય તો high cholesterol, ડાયાબિટીસ, ઉંઘમાં ગરબડ, periods ના દુખાવા, કારણ વગરનો થાક, bones માં કેલ્શિયમની કમી, વિટામીન – ડી ઓછું થવું, PCOD વગેરે વગેરે (જેનું લીસ્ટ ઘણું લાંબુ છે) થઈ શકે છે.

સ્ત્રીઓમાં pregnancy દરમ્યાન થાઈરોઈડ ગ્રંથિ ઉપર ખૂબ જ બોજો આવે છે અને અંદરના બાળકને થાઈરોડ હોર્મોન પૂરું પાડવા માટે it has to work very hard. પ્રેગનન્સી પછી જો સારી ઉંઘ, યોગ્ય ખોરાક અને કસરત કરવામાં આવે તો આ ગ્રંથિ ફરિ પાછી નોર્મલ ફંકશન કરતી થઈ જાય છે. જો આ મુદ્દાઓનું ધ્યાન રાખવામાં ન આવે તો પ્રેગનન્સી પછી hypothyroid અથવા તેના જેવા લક્ષણો / ફરીયાદ થવાની શક્યતા વધી જાય છે. ખરેખર તો પેગનન્સીના પ્લાનીંગ કરતાં પહેલાં ૧ વર્ષથી થોડીક સમજ, યોગ્ય ખોરાક અને કસરતનું પ્લાનીંગ કરવું જોઈએ.

સ્ત્રીઓમાં menopause વખતે પણ ખૂબ મોટા પ્રમાણમાં શરીરના હોર્મોનના

environment માં બદલાવ આવતા હોય છે. તે દરમ્યાન આ ગ્રંથિ ના રિપોર્ટ નોર્મલ હોવા છતાં તેના બધા જ લક્ષણો / ફરીયાદ જેવી કે ચીડચીડાપન, થાક, ઉંઘ ન આવવી, ચામડી dry થવી, વાળ ખરવાં, વજન વધવું, શરીરમાં સોજાની ફરીયાદ હોય છે. ક્યારેક વધુ પડતી કસરત, યોગ્ય કસરતની સમજ ન હોવી, વિવિધ વજન ઉતારવાના ઉપાયો, crash dieting, વજનમાં ચડાવ-ઉતાર, life style ને કારણે નોર્મલ વ્યક્તિ / આવા પેશન્ટમાં પણ થાઈરોઈડ હોર્મોન માં ups & down આવતાં રહેવાથી thyroid malfunction થાય છે. થાઈરોઈડનો પ્રોબ્લેમ ફક્ત દવા લેવાથી નિયંત્રણમાં નથી આવતો. આ દવા લેવાથી લાંબા ગાળે થાઈરોઈડ ગ્રંથિ પોતાનું T4 બનાવવાનું બંધ કરી દે છે. એનો અર્થ એવો નથી કે દવા ન જ લેવી પરંતુ ધીરે ધીરે દવાનો ડોઝ ઓછો કરી શકાય તેવા પ્રયત્ન ચોક્કસ કરી શકાય.

આપણે ગાજર, બીટ, સ્ટ્રોબેરી, દૂધ, અનાજ વગેરેને ડાયેટ પ્લાનના ચક્કરમાં ઓછા કરીને આયોડિનના મુખ્ય સ્ત્રોતને ભૂલી જઈએ છીએ. ખોરાકમાં કેલરીની ગણતરીમાં ન્યુટ્રીશનને ઈમ્પોર્ટન્ટ ગણતાં નથી. તેથી આ ગ્રંથિ લો કેલરીને અનુરુપ તેનું કાર્ય પણ ધીમું કરી દે છે. આમ નોર્મલ વ્યક્તિ પણ ધીરે ધીરે થાઈરોઈડના દર્દી બની જાય છે. થાઈરોઈડની દવા સવારે ભૂખ્યા પેટે લીધાં પછી ૪૦-૬૦ મિનિટ પછી હેલ્થી બ્રેકફાસ્ટ કરવો જોઈએ અને દવા લીધા પછી ૨ કલાકે મલ્ટી વિટામીન ગોળી (omega fatty acid, vitamins b6, vit. C, minerals, manganese) લેવી જોઈએ. સવારે કસરત કરનાર વ્યક્તિએ ખાલી પેટે કસરત કરવી જોઈએ નહિ, તો એવી વ્યક્તિ એ શું કરવું જોઈએ ? આવી વ્યક્તિએ પોતાના ડોક્ટરને મળી તમારી દિનચર્યા સમજી, કયા સમયે આ દવા લઈ શકાય તે સમજી લેવું જોઈએ. Eating right & working out regularly will help you support you thyroid function & fat metabolism.

આટલું વાંચ્યા પછી સમજી ગયા હશો કે વજન વધવું કે ન ઉતરવુ એ થાઈરોઈડ પ્રોબ્લેમ સાથે સંકળાયેલ નથી પરંતુ લાઈફ સ્ટાઈલ, યોગ્ય માત્રામાં ન્યુટ્રીશન અને મિનરલ્સ, ઉંચી ગુણવત્તાવાળું પ્રોટીન, કસરત, યોગ, મેડિટેશન, પ્રાણાયામ દ્વારા થાઈરોઈડ પ્રોબ્લેમમાં લાઈફ એન્જોય કરી શકાય છે. Think about health gain, not weight loss.

**- Mita Parikh (N.D.), Dietician & Nutritional Advisor.**
**Ahmedabad. M. 96389 42746**

# SHARING is IMPORTANT



(**Dhruti Jayant Shah** has done diploma in event management and currently working with book my show. her hobbies are cooking, dancing, writing, reading and she is also an infuential speaker.)

Today we are leaving a life where we can't even give time for our self. We are just behind running for getting something all the time. We don't have time for anything. No time for family no time for ourself. This just makes a major difference between people because we don't even have a minute to sit together and talk and share our things or share the day activities.

Mainly today in this difficult times where people are at home many are jobless, many don't have food to eat many such people struggling in their own life problems. And some are alone and just getting themselves hurt from inside as they can't share anything. There is no one who can listen to such people which results in end of life for such people. The reason behind this is thinking of people like us we just assume things by seeing the lifestyle of others that ' Arey isko kya problem rehga, mast toh life hai koi tension nahi kuch nahi'. People never show problems on their face its everything inside them so we need to support such people who are alone always talk to them and try to make them feel that they are not alone. Not just them each and every person is important person staying in a joint family can also have problems, they can also be

stressed but some have the ability to cope up with their issues and move on but some are very weak and cannot get through all this issues for them show your care and support.

We have people in this world who have a thinking how to share our problems' Kaise bolu yar sabko aise hi tension hoga'. They think about others first and keep hurting themselves. For them best way is talking to them every single moment or have a habit of talking with your self which can atleast make your mind cool for sometime. Thereare some people who share things with themselves which makes them feel lighter. But it is always better to share things because problems will never end if you share solutions can be founded but if you keep struggling with those problems it will lead to health issues, mental trauma as people today have very less bearing capacity so it can result in ending life. This is nothing but Depression which is a poison which gets into your body slowly slowly and vanishing away your whole life leaving your dear and near ones shocked for life time.

Problems, issues, stress are a part of life you cannot run from that same way if you think ending all this by ending life is not a solution. For achieving your dream you need to work harder for that many problems, issues will come but be bold and think of your goal, your dream and just come out of every problems and leave a peaceful and happy life.

So **SHARING is IMPORTANT** don't forget this mantra.

**- Dhruti Jayant Shah, Mumbai,**
**M. 98927 58665**

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# રાજમાતા – કુંતી



મહારાજા શાંતનુના સમયથી શરુ થયેલી ભારતવર્ષની ભવ્ય રાજ–પરંપરાની ગાથા ગાતુ ભારતનું અતિપ્રાચીન સામ્રાજ્ય એટલે હસ્તિનાપુર. તે તેના સ્થાપત્યો, નગરની ભવ્ય રચનાઓ અને તેના ઉજ્વળ ઈતિહાસની ઓળખ આપતુ એક વૈભવશાળી નગર હતું.

આર્યવ્રતના ગણ્યા ગાંઠયા સામ્રાજ્યોમાં તેનુ આગવુ સ્થાન હતું. અહીંના નગરજનો પ્રેમાળ અને શાંતિપ્રિય હતાં. તેઓની લોકલાગણીની કલ્પનામાં માનવીય સિધ્ધાંતોનું પ્રતિબિંબ હતું.

આવા વિશાળ અને સમૃધ્ધ સામ્રાજ્ય પર પોતાનું જ આધિપત્ય રહે તે માટે દુર્યોધનની સત્તા લાલસાએ જ્યારે પાંડવોને બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ કરાવ્યો ત્યારથી જ હસ્તિનાપુરના પ્રજાજનો માનતા હતા કે હવે એક મહાયુધ્ધ ભણકારા લઈ રહયુ છે અને તેમાં સેકડો નારીઓનું સૌભાગ્ય હણાઈ જશે. તેથી, તેઓ આવનારા યુધ્ધને અભિશાપ ગણતા હતાં.

આવી પરિસ્થિતિમાં હસ્તીનાપુરનાં મહામંત્રી અને રાજા ધૃતરાષ્ટ્રનાં સૌથી નાનાભાઈ મહાત્મા વિદુરજી પોતે આવા યુધ્ધનાં વિરોધી છે, એમ કહી હસ્તીનાપુરનાં રાજમહેલનો ત્યાગ કરીને નગરની બહાર એક સાદી કુટીરમાં રહેવા ચાલી ગયા. આવા કટોકટીકાળમાં ગરીબોનાં બેલી એવા વિદુરજીની કુટીર સદાયે સાધારણ જન–મેદનીથી ભરાયેલી રહેતી. રસ્તે જતો કોઈ પણ માણસ તેમની કુટીરમાં મદદ લેવા આવી શકતો. વળી એમની કુટીરમાં વસતા રાજમાતા – કુંતીને પણ નગરની નારીઓ હેતથી મળી શકતી.

એવે સમયે એક દિવસ મહાત્મા વિદુરજીની કુટીરે એક વૃધ્ધ સન્નારી રાજમાતા – કુંતીને મળવા આવી. આ નારીનાં મુખ પર વૃધ્ધાવસ્થાની કરચલીઓ લીંપાયેલી હતી. એના શ્વેત વાળ હવામાં આમ તેમ ઉડતા હતા. પોતાનાં વૃધ્ધ દેહને માંડમાંડ લાકડીનાં આધારે એક એક ડગલા ભરતી ભરતી તે કુંતીમાતા પાસે આવી અને પોતે ઢળતા મુખે તેમની સામે આવીને બેસી ગઈ.

એની આંખોમાં અપાર વેદના હતી. એના મુખમાંથી વારંવાર નિ:સાસા નિકળતા

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ – મુબઈ)જય શ્રી કૃષ્ણ.

હતાં. એનું ચિત્ત અત્યંત ડોલાયમાન લાગતું હતું. આથી આવી વૃધ્ધાને કુંતીમાતાએ સ્નેહથી પૂછયું કે આપ કોણ છો ? તે નિ:સંકોચે કહો કે હું આપને શું મદદ કરી શકું ?

હવે, વૃધ્ધાનાં શરીરમાં થોડું જોમ આવ્યું. થોડો થાક ખાઈને એણે કહ્યું કે "હે રાજમાતા જ્યારથી આપણા ઋષીમુનીઓએ ભવિષ્યવાણી ભાખી છે કે હવે ભારત વર્ષમાં આજ સુધી ના ખેલાયુ હોય એવું યુધ્ધ ખેલાવાનું છે ત્યારથી હું ભયભીત થઈ ગઈ છું. મેં સાંભળ્યું છે કે આ યુધ્ધમાં અનેક વિરોનાં દેહો સમરાંગણમાં રગદોળવાનાં છે. અંતે ગીધ, શિયાળ અને કુતરાઓ તેમનાં તીક્ષ્ણ દાંતોથી આ લાશો ને ચુંથી કાઢશે. માટે આવી ભવિષ્યવાણી સાચી ન પડે તો જ સારૂં. મારા અહીં આવતા પહેલા મને એમ થતું હતું કે મારે મારી આવી વ્યથા કહેવા માટે રાજમાતાને શીદને તકલીફ આપવી ? પણ... અંતે... હું પણ એક માં જ છુ ને ? માં નો જીવ શેનો ઝાલ્યો જાય ? હું સૂતપુત્ર કર્ણની માતા રાધા છું."

રાધાનાં મુખે "સૂતપુત્ર" કર્ણ શબ્દ સાંભળતા જ, અચાનક કોઈ જ્વાળામુખી ફાટે અને એનો લાવારસ ચારે બાજુ ફેલાઈ જાય તેવો ભીષણ ઝંઝાવત કુંતી માતાનાં હૃદયમાં ઉમટી આવ્યો. તેઓ અંતર-ધ્યાન થઈ ગયા અને ભુતકાળમાં સરી પડયા આ મારો પુત્ર - કર્ણ સૂતપુત્ર નથી, પણ સૂર્યપુત્ર છે.

પોતે કુંવારા હતા, ત્યારે તેમને સૂર્ય દેવની સ્તુતિ કરીને કેવા સંજોગોમાં કર્ણને જન્મ આપ્યો... અને અંતે તેને એક છાબડીમાં સુવાડીને તેને નદી કિનારે તરતો મુક્યો.... તે બધુ યાદ આવવા માંડયું.

પણ... તાત્કાલીક પોતાનાં મનને સંભાળી લીધું અને કુંતીમાતા પલંગ પરથી ઉભા થઈને આ "વૃધ્ધા"ની નજદીક ગયા, તેમને ટેકો આપી ઉભા કર્યા અને કહ્યું કે "ઓહ" તમે જ અંગરાજ કર્ણની માતા... રાધા... છો. આવો, મારી પાસે બેસો, એમ કહી કર્ણની પાલ્ય માતા રાધાનો ચહેરો જોવા લાગ્યા અને મનોમન વિચારવા લાગ્યા કે આ.. એ જ ભાગ્યવંતી સન્નારી છે, જેને મારો જ્યેષ્ઠ પુત્ર પ્રાપ્ત થયો. તેનું લાલન-પાલન કર્યું. તેને શ્રેષ્ઠ ધનુર્ધર બનાવ્યો.

એમણે રાધાનો ચહેરો ફરીથી ધ્યાનથી જોયો, તો દેખાતું હતું કે તેમની આંખો રડી રડીને સુઝી ગઈ હતી. તેમનાં શ્વેત વાળ હવામાં આમતેમ ઉડતા હતા, તેની તેમને કોઈ ફીકર ન હોતી. તે બહાવરી લાગતી હતી અને કોઈ અજ્ઞાત ભયથી કાંપતી હતી.

હવે રાજમાતા - કુંતી તે વૃધ્ધાની વધુ નજીક ગયા. તેમનો હેતથી હાથ પકડીને

કહ્યું કે તમે વૃધ્ધાવસ્થામાં આટલી દૂરથી મને મળવા આવ્યા છો ? માટે તમે મને જરૂરથી કાંઈક કહેવા આવ્યા છો ? માટે તમે મને જરૂરથી કાંઈક કહેવા આવ્યા છો ? માટે જે કાંઈ તમારે કહેવું હોય તો જરૂરથી નિ:સંકોચ કહોં.

વૃધ્ધાએ લથડતા અવાજે કહ્યું કે જ્યારથી મેં સાંભળ્યું છે કે– "કૌરવો અને પાંડવા વચ્ચે ભારે મોટી લડાઈ થવાની છે, ત્યારથી મને રોજ એક જ ચિંતા સતાવે છે કે... આ યુધ્ધમાં મારા પુત્ર રાધાનંદનને કશું થશે તો નહીંને ? આ જાણવા હું તમારી પાસે આવી છું." આ સાંભળતા જ કુંતીમાતા ખૂબ જ વ્યથીત થઈ ગયા અને તે રાધાને જવાબ પણ શું આપે ? તેમને ખબર છે કે કૌરવ પક્ષે લઢનાર (તેમનો જ પુત્ર) કર્ણ પણ રણમેદાનમાં હણાવાનો છે તે વિચારી પોતે પણ થોડા બહાવરા થઈ ગયા. આ યુધ્ધમાં રૂધીરની આતશબાજી રચાવાની છે, વિશાળ સેનાઓની અથડામણો વચ્ચે પોતાના કુટુંબનાં સ્વજનો જ એક બીજાનાં હત્યારાઓ બનવાનાં છે એમ વિચારી ધ્રુજી ઉઠયા. અંતે તેઓ પણ એક માં જ હતા ને !

તેમની ચારે કોર સન્નાટો વ્યાપી ગયો અને વિચારવા લાગ્યા કે જીંદગીની આવી વિટંબણાઓ જોવાનાં કેટકેટલા લેખો, ભાગ્ય–વિધાતાએ તેમના લલાટે લખ્યા હશે.

કુંતી માતા નીરૂત્તર રહ્યા. કર્ણની પાલક માતા રાધાને જવાબ પણ શું આપે ? હવે તેમનામાં રાધાનંદન વિજયી થશે, એવી સાંત્વના આપવા જેટલી પણ શક્તી ન રહી. એવામાં વિદુરજીએ રાધાને સ્વસ્થ થવા અને પછી નિંરાતે આવવા સમજાવ્યું એટલે રાધાએ રાજમાતાને પ્રણામ કર્યા એટલે કુંતીમાતાએ પણ પલંગ પરથી માંડ માંડ ઉભા થઈને વૃધ્ધાને કુટિર બહાર વળાવી પોતે આકાશમાં ઝળહળતા સૂર્યદેવ સમક્ષ નજર કરી તો જાણે ચારોકોર ઉત્પાત મચ્યો હોય તેવા દ્રષ્યો સર્જાવા લાગ્યા. હસ્તિનાપુરના આકાશમાં ગીધ અને સમડી જેવા માનવભક્ષી જોઈ ગભરાઈ ગયા અને હવે માનવસમાજનુ નિકંદન નીકળી જવાનુ છે તેમ માની સૂર્યદેવની અંતઃકરણ પૂર્વક સ્તુતી કરી કે આ યુધ્ધમાં આપણા ધનુર્ધર પુત્રની ગરીમા જળવાય અને તે જ્યારે સ્વર્ગે પધારે ત્યારે તેને તમારા ચરણમાં સ્થાન આપજો. રાજમાતા કુંતી કુટીરમાં લથડતા પગે પાછા ચાલી ગયા અને પોતાના કક્ષમાં જઈને ચોધાર આંસુએ રડવા લાગ્યાં અને બોલ્યા કે નારી એટલે વ્યથા અને માતા એટલે વેદના

**– સનતભાઈ શાહ, અમદાવાદ.**
**મો. ૯૬૨૪૪૫૮૩૫૫**

રીલીફ સિનેમા, અમદાવાદ (ઈન્દુભાઈ ડી. શાહ એન્ડ બ્રધર્સ)ના સૌજન્યથી.

# School to College Transformation



Many of you are going for a graduation or a first job, I am sure you have big dreams to fly high and thinking about those college days or first salary, you are already feeling on cloud 9. I am also sure that you are ready for a take-off towards a great transformation.

After 10 years, when you will meet your school buddy, you will see him changed.

May be his personality would have been changed or May be his communication would have been changed.

But, the fact is being transformed is a positive change each one of you will go through at least once in a life.

So here are the few tips for a successful transformation:

1. To have success in your life, you need to taste failure

   Until you fall down, there is no pleasure to get high. The failures make you better and stronger person. Challenge yourself, and keep challenging until you get what you wished for.

   Remember, you are failed only at the moment you decide to give up.

2. Find your "Why"

   Whatever decision you take in your life or career, ask yourself what you want to do that? Is it because your friends or family want it? Is it because your cousin is doing it? Or it

ગોકુલ મેટરલાઈઝર પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી.

is your passion? This will help you to choose your career wisely.

3. Have a mentor
   It is time to take your own decision. But do not forget people who you trust. Having a mentor in life helps you to see the picture from another view. Call it your parents or teachers or friends of your parents, s/he can be anyone who is more experienced in life. But at the end, have a mentor.

4. Trust the process
   It takes time to see the result you dreamed. You will fall down thousands of time, you will be tired for keep walking and keep climbing. Remember, it is part of the process. Have a faith in the process, and the end will be beautiful.

5. Have a consistency
   Success comes after efforts of hardworking. Whether it is losing weight or ranking $1^{st}$, you need to keep working on your goals. Don't lose the track just because it takes longer than you expected. The continuous efforts will make your dream a reality.

**Shreya Parikh**
**Founder of Huminivex Consulting and Training**
**HR Business Partner | Corporate Trainer | CareerMentor**
**Phone - 8200 852 548**
**Email – sheya@huminivex.com**

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

## ભારતની અર્થવ્યવસ્થા ઉપર શ્રી આદિત્ય પુરીના વિચારો



ભારત કેમ ટકી રહેશે તે વિશે એચ.ડી.એફ.સી બેંકના એમ.ડી. શ્રી આદિત્ય પુરીનો સકારાત્મક ઈન્ટરવ્યુ. શ્રી આદિત્ય પુરી ભારતીય અર્થવ્યવસ્થા માટે ખૂબ આશાવાદી છે.

તેમના ઈન્ટરવ્યૂના મુખ્ય તારણો :

૧. ભારતની ગ્રામીણ અર્થવ્યવસ્થા કોરોનાથી પ્રભાવિત નથી અને મજબૂત થઈ રહી છે.

૨. યુરોપની તુલનામાં ભારત યુવા લોકોનું રાષ્ટ્ર છે. કોરોનાને કારણે તેમના સ્વાસ્થ્ય પર વધુ અસર હોવી જોઈએ નહીં.

૩. વેપારીઓ અને નાની દુકાનો વધારે લિવેરજ નથી (ઘણી લોન નહીં) તેથી એક વાર દુકાનો ખોલ્યા પછી તે મજબૂત બનશે.

૪. તેલના ભાવમાં ઘટાડો તે ફુગાવો અને અન્ય ખર્ચમાં ઘટાડો કરશે.

૫. દેશનો આંતરિક વપરાશ મજબૂત છે.

૬. હજુ પણ જો આપણે ૧૪ દિવસ અથવા ૨૮ દિવસ (બે ચક્ર)લોકડાઉન રાખવું હોય તો તે બહુ ચિંતાજનક બાબત નથી.

૭. સ્ટોક માર્કેટ તૂટી પડયું હોય અને થોડા સર્કિટ બંધ થયા હોય તો પણ તેનું મુખ્ય કારણ સ્વચાલિત એલ્ગોરિધમ્સ છે જે શેરોને વેચવાનું દબાણ કરે છે એટલે તેમા ચિંતા કરવા જેવું નથી.

૮. વર્ક ફ્રોમ હોમ (ઘરેથી કામ) બધી કંપનીઓ માટ ખર્ચમાં ઘટાડો કરશે અને અંતે તે નફામાં વધારો કરી શકે છે.

ઉપરના તારણો સિવાય પણ આ અંધકારમય દિવસોમાં કેટલીક ખૂબ સંભવિત સૂર્યમય આગાહીઓ જે ભવિષ્યમાં ચોક્કસપણે સત્ય ઠરશે.

૧. ટૂંક સમયમાં, ભારત આ રોગચાળોની ચુંગાલમાંથી મુક્ત થશે.

૨. લોકડાઉન, ગરમ હવામાન અને આપણા રોગપ્રતિકારક શક્તિનું ઉચ્ચ સ્તર આ રોગને ભારત જલ્દીથી ખતમ કરશે.

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

૩. આપણે દવાઓના સૌથી મોટા નિકાસકાર બનીશું અને બીસીજી રસી, મેલેરિયા વિરોધી દવાઓ, હાઈડ્રોક્સીક્લોરોક્વિન વગેરેના નિયમિત પુરવઠા માટે વિશ્વ આપણી તરફ ધ્યાન આપશે.

૪. વિશ્વભરના કોર્પોરેશનો દ્વારા, ચાઈનાની પસંદગીમાં, ભારતમાં મેન્યુફેક્ચરિંગ સુવિધાઓની સ્થાપના કરવામાં આવશે. ૧૦૦ યુ.એસ.એ અને ૨૦૦ જાપાનીઝ કંપનીસ ચીનથી ભારત આવવા માટે તત્પર છે. ભારત મોબાઈલ ફોનથી લઈને ફાર્માસ્યુટિકલ્સ સુધીની દરેક ચીજોના ઉત્પાદનનું કેન્દ્ર બનશે. મોટી–મોટી બ્રાંડસ્‌ને ખ્યાલ આવશે કે ભારતીય લોકો પ્રામાણિક, સખત મહેનતુ, પ્રતિભાશાળી અને વિશ્વસનીય છે અને તેઓ અત્યાર સુધી અન્ડરરેટેડ હતા.

૫. બેરોજગારીનું સ્તર નીચે જશે.

૬. શાકાહારી ભોજનની વધુ અને વધુ પ્રશંસા કરવામાં આવશે.

૭. સમગ્ર વિશ્વમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસો પહેલા લોકો કતારમાં ઉતરશે અને ભારતની મુલાકાતે જવા માટે વિઝા આપવામાં આવશે. તેઓનું પરીક્ષણ કર્યા બાદ ૩ અઠવાડિયાના અંતર પછી વિઝા આપવામાં આવશે. લોકો અહીં પર્યટન, સુખાકારી અને સૂર્યસ્નાન માટે આવશે.

૮. તબીબી સુવિધાઆની સરળ ઉપલબ્ધતા અને કાર્યક્ષમતા માટે પ્રશંસા કરવામાં આવશે.

૯. આયુર્વેદ અને નેચરોપથી પણ ખૂબ જ લોકપ્રિય બનશે. યોગ અને પ્રાણાયામના શિક્ષકોની ભારે માંગ રહેશે. આખરે, ફાઈબ્રોસિસનો શ્રેષ્ઠ ઉપાય ફેફસાંની કસરત છે.

૧૦. શ્રેષ્ઠ ભારતીય કે જેમણે વિદેશમાં સ્થળાંતર કર્યું છે, તેઓ પણ તેમના સ્વસ્થ અને સમૃદ્ધ વતનમાં પાછા ફરવા માટે ખુશ હશે. તેમના પગાર પણ પરવડે તેવા કારણે ઉત્પાદનમાં વધારો થશે – મેક ઈન ઈન્ડિયા ખરેખર વાસ્તવિક્તા હશે.

૧૧. ૨૦૨૦ એ વિશ્વના ઈતિહાસમાં એક વળાંક આવશે. અહીંથી તે બધી રીતે ભારત જ ભારત હશે.

– C.A. **વ્રજેશ પરીખ, અમદાવાદ**
**મો. ૯૮૨૫૦ ૯૭૫૭૨**

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## આફ્રિકન ડાયરી – ૯ –નાઈજીરિયન લાઈફ સ્ટાઈલ



લાગોસમાં ભારતીય expatriates ની લાઈફ સ્ટાઈલ વિષે આપણે જાણ્યું. આની સરખામણીમાં કદાચ અમેરિકાની લાઈફ સ્ટાઈલ પણ ફીકી પડે ! ચાલો હવે એક નજર કરીએ અહીંના સ્થાનિક લોકોની લાઈફ સ્ટાઈલ પર.

નાઈજીરિયા દુનિયાનો છઠ્ઠો મોટો ઓઈલ નિકાસ કરતો દેશ છે અને આફ્રિકાનો સૌથી વધારો ઓઈલ ઉત્પાદન કરતો દેશ છે. આમ છતાં લગભગ ૫૦ ટકા વસ્તી અતિ ગરીબીમાં જીવે છે. બેઘરપણું, ભૂખમરો, રોગચાળો, જાતીય શોષણ અને બાળમજૂરી બહુ વ્યાપક છે. બહુ ઓછા લોકોને શિક્ષણનો લાભ મળે છે. અને ગ્રેજ્યુએટ થયા પછી પણ બેકારીનો સામનો કરવો પડે છે.

નાઈજીરીયા આફ્રિકાનો સૌથી વધુ વસ્તીવાળો દેશ છે. મલ્ટીનેશનલ કંપનીઓ અને ઘણી ઓઈલ કંપનીની હાજરીને લીધે ફોરેન expatriates ની સંખ્યા પણ સારી એવી છે. લોકલ વસ્તીમાં લગભગ અલગ અલગ ૨૫૦ ટ્રાઈબ્સ છે. જેમાંથી ૭૦ ટકા વસ્તી હૌસા (ફૂલાની), યોરુબા અને ઈગ્બો ટ્રાઈબ્સની છે. ઉત્તર નાઈજીરીયામાં મુસ્લીમોની વસ્તી વધારે છે તો દક્ષિણ નાઈજીરિયામાં ક્રિશ્ચિયનની વસ્તી વધારે છે.

લોકલ ભાષામાં હૌસા, યોરુબા અને ઇગ્બો મુખ્ય છે. જો કે ઇંગ્લીશ ઓફીશીયલ ભાષા છે. લોકલ લોકોની ઇંગ્લીશ ભાષા "પીજન ઇંગ્લીશ" તરીકે ઓળખાય છે. આમાં ઇંગ્લીશ ગ્રામરનો બરાબર વપરાશ કરાતો નથી.

લાગોસ જેવા મોટા સેન્ટરમાં પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પુરતી વ્યવસ્થા નથી. પાવર સપ્લાયની ભાગ્યે જ ૫૦ ટકા લોકોને સગવડ છે અને તેમાં પણ દિવસમાં અનેક વખત લાઈટ ચાલુ બંધ થાય છે. જેને લીધે ડીઝલ જનરેટર્સની સારી એવી માંગ છે. તેવી જ રીતે ટેલીફોનની પણ પુરતી સગવડ નથી. પ્રાઈવેટ કંપનીઓ પોતાના રેડિયો ફોનની સગવડ રાખે છે. શરૂઆતના વર્ષોમાં અમને ભારત ટેલીફોન કરવા માટે ટેલીફોન એક્સચેન્જમાં લાઈન લગાવવી પડતી. જો કે પાછલા વર્ષોમાં ઘરમાં ટેલીફોન તથા ઓફિસમાં મોબાઈલ

ફોનની સગવડ થઈ હતી. મોટા ભાગની વસ્તીને પાણીની પણ પૂરતી સગવડ નથી. અમારે ઘરમાં  પાણી માટે બોરવેલની સગવડ કરવી પડી હતી. પાણીની બોટલ બીયરની બોટલ કરતાં મોંઘી પડતી. કન્ઝ્યુમર સામાન પણ બહુ મોંઘો મળતો કારણ કે બધો સામાન આયાત કરવામાં આવતો. પેટ્રોલ, બીયર અને સિગારેટ સસ્તામાં મળતાં.

મોટાભાગના ઉદ્યોગોનું સંચાલન ફોરન expatriates ના હાથમાં રહેતું. સામાન્ય માણસનું જીવન બહુ સંઘર્ષ ભરેલું રહેતું. રોટી, કપડા અને મકાનની સગવડ બહુ ઓછા લોકોને રહેતી. ઉપરાંત જે આવક થાય તે ખર્ચી નાખે. જમવાનું ન મળે તો ચાલે, પણ બીયર વગર ન ચાલે. ગરીબીને લીધે મજબુરીમાં શોર્ટકટમાં પૈસા કેમ બનાવવા તેમાં તેઓ હોશિંયાર રહેતા. તમે ગાડીમાં બેઠા હોવ તો પણ તમારા ધ્યાન બહાર ૧૦૦ નાયરાનું પેટ્રોલ ભરાવી ૨૦૦ નાયરાની રસીદ લાવે ! ફેક્ટરીમાંથી પણ માલ–સામાનની ઘણી ચોરી થઈ જાય. ઘણી વખત ટ્રાફીક જામમાં તમારી ગાડી નીચે જઈ પેટ્રોલનો પાઈપ કાઢી નાખે. તેથી ગાડી થોડે આગળ જઈ બંધ થઈ જાય. તમે ગાડી ઊભી રાખો એટલે એ ટોળીના જ માણસો આવી તમારી ગાડી રીપેર કરવાની ઓફર આપે. તમારે ન છૂટકે ગાડી રીપેર કરાવવી પડે અને મોટી રકમ ચૂકવવી પડે. અહીંના લોકો સંગીતના અને ડાન્સના પણ ખૂબ શોખીન હતા. ગરીબી વચ્ચે પણ મોકો મળે સંગીત અને ડાન્સ કરી જીંદગીનો આનંદ લેતા. અહીં દસમા ધોરણ સુધી CBSE ના કોર્સ પ્રમાણે અભ્યાસ ચાલતો. I.L.S. માં મોટે ભાગે ટીચર્સ તરીકે ભારતીય expatriates ની પત્નીઓ જોબ કરતી. વાર્ષિક પરીક્ષાના પેપર્સ ભારતથી આપતા અને ભારતીય સમય પ્રમાણે પરીક્ષા લેવાતી (લાગોસ GMT+1 છે જ્યારે ભારત GMT + 5 1/2 છે) તેથી ભારતમાં સવારે ૧૧ વાગે પરીક્ષા ચાલુ થાય તો લાગોસમાં સવારે ૬–૩૦ વાગે શરૂ થાય. અહીં મોટાભાગના લોકો ઇંગ્લીશ બોલી શકતા. પછી ભલે તે ભાંગી તુટી પીજન ઇંગ્લીંશ બોલે.

પબ્લીક સલામતીમાં નાઈજીરિયનો રેકોર્ડ બહુ ખરાબ છે. મોટી ફોરેન ઓઈલ કંપનીમાં કામ કરતા expatriatesના અપહરણના અનેક બનાવ બનતા અને તેમને છોડાવવા બહુ મોટી રકમ ખર્ચવી પડતી. ચોરી અને લુંટફાટ બહુ સામાન્ય ગણાતા. પછી ભલેને સારામાં સારી સિક્યુરીટી ગાર્ડસની વ્યવસ્થા કરી હોય. કાર ચોરીની પણ એટલી જ બીક રહેતી. તમારી ગાડી ઉભી રાખી તમારી સામે ગન ધરી દે. તમારે

અમર નૈમિષભાઈ પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

સામેથી ચાવી આપી દેવી પડે. એક ભારતીય કપલ પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવતા હતા. ત્યાં અચાનક રોબર્સ આવી ચડયા અને ભાઈની સામે ગન ધરી દીધી. બંને પતિ પત્ની ગાડીમાંથી ઉતરી ગયા અને ગાડીની ચાવી રોબરને આપી દીધી. પાછળની સીટમાં તેમનો ત્રણ વરસનો પુત્ર બેઠો હતો. પરંતુ પુત્રને લેવા જાય તે પહેલાં રોબરોએ ગાડી ચાલુ કરી દીધી. પત્ની ગાડીની પાછળ પુત્રને લેવા દોડી ગઈ. પરંતુ રોબરોએ તેને ગોળીથી વીંધી નાખી. આવા તો અનેક કિસ્સા સાંભળવા મળતા.

લાગોસ આઈલેન્ડ માત્ર ત્રણ બ્રીજથી શહેર સાથે જોડાયેલ છે. લાગોસ આઈલેન્ડમાં જ સરકારી કચેરીઓ અને મલ્ટીનેશનલ કંપનીના હેડ ક્વાર્ટર્સ આવેલા છે. તેથી અમારા નિવાસસ્થાન ઈકેજાથી લાગોસ જવાનું થાય તો ૧૫–૨૦ કિ.મી.નું અંતર કાપતાં ઓછામાં ઓછા બે થી ત્રણ કલાક થાય.

ટ્રાફીક કંટ્રોલ કરવા સરકારે ODD-EVEN કાર નંબરની સીસ્ટમ અપનાવેલ. પરંતુ એના લીધે મોટા બિઝનેસમેન બે બે કાર રાખતા થઈ ગયા અને ટ્રાફીકમાં કાંઈ ફરક ન પડ્યો.

નાઈજીરીયામાં દરેક જગ્યાએ હદ વગરનું કરપ્શન ચાલે છે. પૈસા આપ્યા વગર કોઈ પણ કામ ન થાય. તમારે સામેથી પૈસા આપવા પડે. તમને લુંટવા આવે તો પણ સામેથી તમારે બધું આપી દેવું પડે. કારણકે નહિતર જાનનું જોખમ થાય.

તે સિવાય ઓર્ગેનાઈઝડ ક્રાઈમ પણ મોટે પાયે ચાલે. નાઈજીરીયામાં તો ચાલે જ છે પણ વિદેશોમાં પણ કેટલાય લોકો ૪૧૯ તરીકે ઓળખાતા સ્કેમના ભોગ બને છે. બેંકની LC પણ નકલી નીકળે. નાઈજીરિયાની સેન્ટ્રલ બેંક (જેમ ભારતની આરબીઆઈ)ના દસ્તાવેજો પણ નકલી બને. ભારત અને અન્ય દેશોની નાઈજીરીયામાં વેપાર કરવો ખૂબ જ જોખમી ગણાય. સમુદ્ર ચાંચિયાઓમાં પણ નાઈજીરિયાનો નંબર આગળ પડતો છે. ઘણી વખત ભારતીય શીપ આવા ચાંચિયાઓના હાથમાં ફસાઈ જતા ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને મોટી રકમ આપી શીપના ક્રુ મેમ્બરોને છોડાવવા પડે છે.

(ક્રમશઃ)

**– અમૃતભાઈ વાયડા, મુંબઈ**
**મો. ૯૮૨૧૪૬૩૭૯૫**

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

# માઈક્રોફિક્શન વાર્તાઓ



આજના ઝડપી યુગમાં વ્યક્તિ પાસે બધું જ છે ફક્ત સમય જ નથી એટલે એની પાસે નવલિકા કે નવલકથા વાંચવાની અપેક્ષા રાખવી વ્યર્થ છે અને એટલે જ આજકાલ માઈક્રોફિક્શન વાર્તાઓનું ચલણ વધી રહ્યું છે જેની શબ્દ મર્યાદા ૧૫૦ થી ૨૦૦ શબ્દ જેટલી જ હોય છે. આજે હું પણ આપની સમક્ષ આવી જ માઈક્રોફિક્શન વાર્તા મૂકી રહી છું. આપને ગમશે એ આશા સાથે....

વાર્તા : ૧ – અરજી

“આવી ગરમીમાં આજે વળી પાછા હેરાન થવા ઉપડો છો એમ ને... ?”

“હં..ઉં..! મારા બાબાના ઘરે આ વખતે દીકરો જ આવે એ માંગવા જવામાં વળી કેવી હેરાનગતિ.. ?”

“તે તમે હેરાન ન થાઓ પણ ભગવાનને તો કરોને... ! મને તો એ નથી સમજાતું કે એમ ભગવાન રીઝે ખરાં...”

“હાસ્તો વળી... માંગવાથી શું નથી મળતું. હું તો કઉં છું તમે પણ હાલો ને ! શું આખો દિવસ આ મુઆ છાપામાં મોઢું ઘાલીને બેઠા પડ્યા રહો છો... ?”

“બધાને મળે જ એવું ન હોય. તમે જેના કહેવામાં આવીને ઉપડો છો એ તમારા માસીના ઘરે ચોથા લક્ષ્મીજી પધાર....”

“હં.. એ જે હોય તે પરભુને અરજી કરવાની હિંમત નથી મારા માસીએ હારી ને નથી હું હારવાની એ હોંભળી લ્યો ભઈસા.” “હવે તમે હાલો છો કે પછી હું નીકળું...??”

“ના.. ના... તમે જ જાઓ પણ જરા સંભાળીને જજો. આ જુઓ છાપામાં આજના સમાચાર...” “બે આખલાની લડાઈમાં એક વૃધ્ધાનું મૃત્યુ...” પત્નિ સામે ચિંતાતુર નજરે જોતાં સુબોધચંદ્ર બોલ્યા.

“આજકાલ ઢગાઉં બઉ વધી ગયા છે. એનું કાંઈ કારણ તો હમજાઓ ભઈસા’બ...!” સુમિત્રાબહેન હળવા નિઃશ્વાસ સાથે બોલી ગયા.

પત્નિ સામે નજર મિલાવતા સુબોધચંદ્ર બોલ્યા, “કારણમાં તો એવું છે ભાગ્યવાન કે, સંતાનમાં દીકરો જ મળે એવી અરજી થઈ તો કોઈક માટે હતી ને કબુલ કોઈક માટે થઈ

છે...”

--------

વાર્તા : ૨ – ઓપરેશન

“મમ્મી, અમારે ઓપરેશન કરાવવું છે. પ્લીઝ...!! ના ન પાડ...” ચૌદ વર્ષથી એકબીજા સાથે પીઠના ભાગેથી જોડાયેલી કોન્જોઈડ ટવીન્સ મીના અને ટીના ટી.વી.માં જોવાયેલા અતરંગ દ્રશ્યો અને છેલ્લા છ મહિનાથી ઈસ્ટ્રોજન હોર્મોસની સક્રિયતાના કારણે પોતાના શરીરને એકબીજાથી અલગ કરવાની આજીજી કરી રહી હતી.

“પણ... બેટા... ડોક્ટરે સાફ શબ્દોમાં કહ્યું છે કે, ઓપરેશન સફળ થવાના ચાન્સ બહુ જ ઓછા છે. તમારામાંથી કોઈ એકને જ બચાવી શકાય એમ છે અને અમે તમારામાંથી કોઈને પણ ગુમાવવા નથી માંગતા.”

“એનો વાંધો નહિ. ચિઠ્ઠી પાડીએ જેનું નામ આવે એને બચાવી લેજો. જે એક બચશે એ તો કમસેકમ પોતાની વ્યક્તિગત જિંદગી જીવી શકશે.”

મીનાએ ચિઠ્ઠી બનાવી ને ટીનાએ ઉપાડી. નામ જોતાં જ ટીનાના ધબકારા વધ્યા અને મીનાની આંખોમાં પ્રશ્નાર્થ ડોકાયો.....??

-------------------

વાર્તા : ૩ – દ્રષ્ટિકોણ

“એકબીજા વગરની જિંદગી શક્ય છે.... ? તો એકબીજાની સાથે રહેવું પણ ક્યાં શક્ય છે... ?? પણ... શા માટે આપણે સાથે ન રહી શકીએ... ? એનાથી સમાજને શું તકલીફ પડવાની છે... ? સમાજનો દ્રષ્ટિકોણ શું ક્યારેય નહિં બદલાય...??”

પ્રશ્નોની ઝડી સાથે ચોંધાર આસું વહાવતી સાક્ષીએ રાશિની કોરીધાકોર આંખોમાં આંખ પરોવીને પૂછયું, “આપણી પાસે સાથે રહેવાનો જ્યારે હવે બીજો કોઈ રસ્તો નથી રહ્યો, ત્યારે તું તો છે ને મારી સાથે... ? મેં આપણા માટે જે નિર્ણય લીધો છે એ તને યોગ્ય તો લાગે છે ને... ? આઈ નો, હંમેશ મુજબ તારી ખામોશીમાં જ તારી હામી હશે આફટર ઓલ તું મારી પ્રિય સખી છે ને... ! નહીં...?”

આંખોમાં ડોકાતા પ્રશ્નો અને હ્રદયમાં ઉભરાતી વિવશતાને પોતાના અને પોતાની સખીના અસ્તિત્વ સાથે મહેરામણના ઊંડા પાણીમાં ગરકાવ કરવા તલપાપડ થઈને સાક્ષી, રાશિને વળગી પડી.

અને અચાનક અત્યાર સુધી ખામોશ રહેલા રાશિના હોઠ ફફડ્યા... “................”

---------

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

વાર્તા : ૪ – સંશય

“બેટા, જે વ્યક્તિ હયાત જ નથી એના પર સંશય કરવાનો શો અર્થ.... ??”

“પણ... બા... જે જીવિત હોવા છતાં પણ પળે પળે મરી રહ્યો છે એવા, તારા આ દીકરાનો તો વિચાર કર..” વિવેકે વધુ મજબૂતાઈથી ચાર વર્ષની માસૂમ સિયાનો હાથ પકડ્યો. એ વાતને આજે અઠવાડિયું પસાર થઈ ગયું. આ આઠ દિવસ દરમ્યાન સોય ભોંકાવાની પીડા અને લેબોરેટરીના વાતાવરણને જોઈને હેબતાઈ ગયેલી સિયા એક પળ માટે પણ વિવેકથી અળગી થતી જ ન હોતી. “સર... આપની દીકરીના ડી.એન.એ. ટેસ્ટનો રિપોર્ટ...” મનમાં સો ટકા ખાતરી સાથે રિપોર્ટ હાથમાં લેતી વખતે વિવેકના ધબકારા વધી રહ્યા. એના હૃદયમાં હળવી ટીશ ઉઠી. રિપોર્ટ ખોલ્યા વગર જ એણે સિયાની આંખોમાં આંખ પરોવીને જોયું. હુબહુ પોતાના જેવી હેઝલબ્રાઉન આંખો સામે એ જોઈને એ મનોમન બબડયો, “આ રિપોર્ટ સાચો કે મારો અંતરાત્મા...??”

---------

વાર્તા : ૫ – અસ્તિત્વ

પપ્પા...

એ ઘટનાને આજે પૂરા પાંચ વર્ષ થયા. શું તમે હજુ સુધી એ હકીકતને સ્વીકારી નથી શક્યા... ? શું આજેય તમને એમ જ લાગે છે કે, એ એક ઘટનાએ તમને અને મને સમાજ સામે ઉઘાડા કરી મૂક્યા હતા...??

કદાચ... તમે સાચા છો... હું ઉઘાડો પડી ગયો પણ ટ્રાન્સ સેકસ્યુઅલ સર્જરી દ્વારા હું મારા સ્ત્રીત્વને, મારા અસ્તિત્વને ખરા અર્થમાં પામી તો શકી ને...!! પોતાના અંતરાત્માને છેતરીને પોતાની જાતને એક કોચલામાં બંધ કરવા કરતાં ઉઘાડા પડવું, એમાં ખોટું શું છે... ?

હા... એનાથી તમારો એકનો એક કંધોતર દીકરો કદાચ છીનવાઈ ગયો. પણ... મને વિશ્વાસ છે કે, એક દિવસ હું તમને મનાવીને જ રહીશ. સમાજનું તો શું છે... ? એ તો આમ પણ બોલે ને તેમ પણ બોલે. અને હાં... આજે જ્યારે મારા જીવનસાથી અંગેનો એક મહત્વનો નિર્ણય લેવા જઈ રહી છું ત્યારે આઈ રિયલી મીસ યુ પપ્પા...

આટલું લખીને કીર્તિએ ડાયરી બંધ કરી અને મોબાઈલમાં એક નંબર ડાયલ કર્યો.

**– આશા આશિષ શાહ, ભૂજ–કચ્છ,**
**મો. ૯૧૭૩૨ ૧૫૭૭૭, ૯૦૯૯૯ ૩૧૫૨૨**

ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

## યુવાનોને થોડાંક સૂચનો



### (૧) શબ્દ ભંડોળ વધારો

વાંચન અને લેખન સિવાય શબ્દ ભંડોળ વધે નહીં. ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાના પુસ્તકો વાંચો.

વાંચનનું આયોજન જરૂરી છે. પુસ્તકોની યોગ્ય પસંદગી પણ જરૂરી છે. નિયમિતતા પણ જરૂરી છે.

શબ્દભંડોળ વધશે તો લેખનની કળા માણી શકશો. જો કે માત્ર શબ્દો એકઠા કરવાથી સુંદર લેખ બનતો નથી જેમ માત્ર પુષ્પો એકઠાં કરવાથી સુંદર હાર કે વેણી બનતા નથી. તે માટે કલાત્મક દ્રષ્ટિ વિકસાવવી પડે છે. શબ્દોનો યોગ્ય ઉપયોગ કરવા દ્રષ્ટિ કેળવો.

### (૨) વક્તૃત્વ કળા ખીલવો :

શબ્દોમાં જાદુ છે, ચમત્કાર છે પરંતુ શબ્દોનો યોગ્ય ઉપયોગ કરતા આવડવું જોઈએ. શબ્દોની યોગ્ય પસંદગી, રજુઆતની પદ્ધતિ, હાવભાવ, આરોહ અવરોહ, શરૂઆત અંત એ બધું ખીલવવું પડશે. પ્રયત્નપૂર્વક ખીલવો.

જેમ જવાહરલાલ કે બાજપાઈ, બેરીસ્ટર નાથપાઈ કે. પાલખીવાલા, મોરારીબાપુ કે રમેશભાઈ ઓઝા, દીપક ચોપરા કે રોબીન શર્મા પોતાની વક્તૃત્વ કળાને આધારે સમગ્ર દુનિયામાં છવાઈ ગયા, તેમ તમે પણ વક્તૃત્વ કળા ખીલવશો તો ઝળકી ઉઠશો.

### (૩) કોઈપણ એક રમતનો શોખ કેળવો :

જે રમતો નથી તે પ્રભુને ગમતો નથી. યુવાન વ્યક્તિ ન રમે તો તે ખેલદીલ ન બને, મજબૂત ન બને.

રમતમાં પ્રવિણ બનવું હશે તો વ્યસનોથી મુક્ત રહેવું પડશે. તંદુરસ્તી જાળવવી પડશે. નિયમિત રમો, રમવાથી જીવન બદલાઈ જશે. જીવન ઉત્સાહસભર અને તાજગીભર્યું બનશે.

### (૪) મનની ખીલવો – Positive Thinking રાખો.

ઉપરનાં ગુણો હશે પણ મન પ્રફુલ્લિત નહીં હોય તો પ્રગતિ નહીં થાય માટે Negative વિચારો છોડી દો. આત્મવિશ્વાસ રાખો.

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

સારા વિચારો, ઉમદા વિચારો તમારું જીવન ઉન્નત બનાવશે.

**(૫) પ્રસન્ન વ્યક્તિત્વ કેળવો.**

જેના સંપર્કમાં આવો તેને ખુશ કરો. સામો માણસ તમારાથી કંટાળે છે ? ક્યારે તમે તેનાથી દૂર જાઓ તેવું વિચારે છે ? કે પછી પ્રેમથી આવકારે છે ? વિચાર કરજો. તમારા વ્યક્તિત્વને પ્રસન્ન બનાવવું તમારા હાથમાં છે. સદાય પ્રસન્ન રહો.

સૂચનો યોગ્ય લાગે તો જરૂરથી અમલમાં મૂકશો. બીજાને તો ઠીક, તમને જ તમારામાં રસ પડશે.

**– શરદભાઈ શાહ, પૂર્વ તંત્રી, વાયડામિત્ર, મહેસાણા.**
**મો. ૯૪૨૯૭ ૩૬૩૬૫,**

## અગત્યની સૂચના

✤ ‘વાયડામિત્ર’ દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થાય છે. અંક કાળજીથી પોસ્ટ કરવામાં આવે છે પરંતુ ઘણી વાર અંક સમયસર મળતો નથી. અંક ન મળવા અંગે પ્રથમ પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી. ત્યાર પછી વ્યવસ્થાપકને જાણ કરવી. અંક સ્ટોકમાં હશે તો જ મોકલવામાં આવશે. ગ્રાહક નંબર અવશ્ય જણાવવો.

✤ લેખકોને પોતાની મૌલિક કૃતિઓ મોકલવાનું આમંત્રણ છે.

✤ લેખકોએ સારા અને સુવાચ્ય અક્ષરે અથવા ટાઈપ કરાવીને એ–૪ સાઈઝના કાગળની એક બાજુએ ૧૦૦૦ શબ્દોની મર્યાદામાં લખાણ મોકલવાનું રહેશે. લેખકોએ પોતાનુ નામ, સરનામું, ટેલીફોન નંબર, ઈ–મેલ તેમ જ સંક્ષિપ્ત પરિચય અવશ્ય મોકલવો.

✤ સ્વીકૃત કે અસ્વીકૃત મેટરની જાણ કરવામાં આવતી નથી. લખાણની એક નકલ પોતાની પાસે રાખીને જ મૂળ કૃતિ મોકલવા વિનંતી છે. અન્યત્ર મોકલેલી કે પ્રસિધ્ધ થયેલી કે ઝેરોક્ષ કૃતિઓ મોકલવી નહીં. અન્ય સામયિકોમાંથી મોકલેલું મેટર સ્વીકારવામાં આવતું નથી. પૂર્વગ્રહયુક્ત લખાણો સ્વીકારવામાં આવશે નહીં.

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# પૂર્ણાવતાર શ્રીકૃષ્ણ



શ્રીકૃષ્ણ ઈતિહાસ પુરુષ છે. તેઓ પ્રાચીનથી અર્વાચન સુધી ફેલાયેલા છે. કૃષ્ણનો ઉલ્લેખ સૌ પ્રથમ ઋગ્વેદમાં મળે છે, જેમાં તેમનું ગોવાળ તરીકે વર્ણન કર્યું છે. છાંદોગ્ય ઉપનિષદમાં કૃષ્ણને દેવકીના પુત્ર તરીકે સંબોધ્યા છે અને ઐતરીય ઉપનિષેદમાં તેમને વૃષ્ણિવંશના સભ્ય તરીકે દર્શાવાયા છે. પાણિનિએ તેમના ગ્રંથ 'અષ્ટાધ્યાય'માં વાસુદેવ નામ રાખ્યું છે. અથર્વવેદમાં પણ 'કેશીને સંહારનાર કૃષ્ણ' એમ કહ્યું છે.

૨૩૦૦ વર્ષ પહેલાં કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં કૃષ્ણ અને કંસના ઉલ્લેખ છે. મહાભારતમાં નારાયણને દૈવીશક્તિના સર્વોચ્ચ સ્વરૂપ તરીકે દર્શાવેલા છે. મહાભારત, કૃષ્ણ કથાની રજૂઆત કરનાર સૌથી પ્રાચીન ગ્રંથ છે. મહાભારત 'કૃષ્ણવેદ' તરીકે ઓળખાય છે. ભીષ્મ તેમને વારંવાર 'વેદવેદાંત પારંગત' તરીકે સંબોધે છે. મહાભારતમાં કૃષ્ણનું સ્વરૂપ મહાજ્ઞાની અને ધર્મોપદેશક તરીકેનું છે.

હરીવંશમાં કૃષ્ણની કથા કહેવામાં આવી છે. જન્મની કથા, તેમનું બાળપણ, બલરામ, તેમના બે પુત્રો – પ્રદ્યુમન અને સામ્ય તેમ જ અનિરુદ્ધની વાત આવે છે. હરીવંશ, કૃષ્ણનો પ્રમાણભૂત ગ્રંથ ગણાય છે.

વેદસાહિત્યના વિવિધ ગ્રંથોમાં કૃષ્ણ, વિષ્ણુ અને નારાયણ આ ત્રણેયનો જ વારંવાર ઉલ્લેખ થયો છે. આ ઉપરાંત કૃષ્ણના જન્મકાળો યોગનિંદ્રાના પ્રયોગ તેમજ વિષ્ણુકાળના વિનાશની વાત પણ કરવામાં આવી છે.

ખ્રિસ્તી સંવત શરૂ થયા પછી કૃષ્ણકથા અને કૃષ્ણ સંપ્રદાયના પુરાતત્વ શાસ્ત્રીય અને સાહિત્યિક પુરાવા વિપુલ પ્રમાણમાં જોવા મળે છે.

વિષ્ણુ ભગવાનના અનેક સ્વરૂપો છે. પરંતુ કૃષ્ણના માનવીય મનમોહક સ્વરૂપને કારણે વૈષ્ણવ પરંપરા કૃષ્ણભક્તિમાં આવિષ્કાર પામી. કૃષ્ણભાવ અને વાત્સલ્ય પર ભાર મૂકે છે. એક હજાર વર્ષ પહેલાં માધુર્ય અને શૃંગાર થકી ભક્તિમીમાંસા શરૂ થઈ. કૃષ્ણ નામના જપ થવા લાગ્યા. નામ – જપ – કીર્તન – સગુણ – નિર્ગુણ સ્વરૂપ આકાર લેવા માંડયું.

ઋગવેદથી છાંદોગ્ય ઉપનિષદમાં કૃષ્ણનો ઉલ્લેખ દ્રષ્ટા, બ્રાહ્મણ, ઋષિ, જિજ્ઞાસુ, ધર્મવેત્તા તરીકે થયો છે પણ તેમના ઈશ્વર તત્ત્વનો ઈશારો કરવામાં આવ્યો

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ–મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

નથી. પાણિનિ અને પતંજલિએ કૃષ્ણને પરાક્રમી, શૂરવીર, ક્ષત્રિય, યોધ્ધા અને અંધક વિષ્ણુકુળના કહ્યા છે. મહાભારતમાં ભગવદ્ગીતામાં વિભૂતિયોગમાં કૃષ્ણ પોતે જ સર્વોપરી તત્વ છે એમ ભારપૂર્વક કહે છે.

શ્રીમદ્ ભાગવતમાં કૃષ્ણકથા વિસ્તારથી રજૂ થઈ છે. ૯૦ અધ્યાય અને ૩૯૪૬ શ્લોકોમાંથી ૪૦ અધ્યાય અને ૧૬૦૪ શ્લોક માત્ર ગોકુળ – વૃંદાવનની લીલા જ દર્શાવે છે.

બ્રહ્મવૈવર્ત પુરાણમાં રાધાની કથા છે. રાધા મહાભારતમાં નથી, ભાગવતમાં પણ નથી, હરીવંશમાં નથી પણ રાધા છવાઈ ગઈ છે. બ્રહ્મવૈવર્ત પુરાણે રાધાને ‘શૃંગાર રાણી’ નામ આપ્યું છે. તે પહેલા બારમી સદીમાં પદ્મપુરાણે પણ રાધાનો ઉલ્લેખ કર્યો છે. રાધા સાથેનો કૃષ્ણનો પ્રેમ આઠસો વર્ષ પહેલા જયદેવનો ‘ગીતગોવિંદ’ માં પણ આવે છે. આ પછી કૃષ્ણના જ્ઞાનસ્વરૂપ અને પરાક્રમરૂપને બાજુએ ફગાવી દઈને પ્રેમસ્વરૂપ પર લક્ષ્ય કેન્દ્રિત થવા લાગ્યું.

કૃષ્ણકથા ખરેખર મુખ્યત્વે ઉત્તર અને પશ્ચિમ ભારત પૂરતી સીમિત છે. આમ છતાં દક્ષિણ ભારતમાં હિંદુ ધર્મનો ડંકો વાગ્યો તે હકીકત છે. સમગ્ર દક્ષિણ ભારત વિષ્ણુને સમર્પિત છે. દક્ષિણ ભારતમાંથી આચાર્યો આવ્યા અને હિન્દુ ધર્મની અહાલેક જગાવી.

આઠમી સદીમાં શંકરાચાર્ય આવ્યા, બારમી સદીમાં તામિલનાડુમાંથી રામાનુજાચાર્ય આવ્યા, તેરમી સદીમાં કર્ણાટકમાંથી માધવાચાર્ય આવ્યા. તેમણે પુરાણ અને ઉપનિષદ વચ્ચે સામંજસ્ય રચ્યું અને કૃષ્ણને પરમાત્મા–પરબ્રૅમ ગણાવ્યા. તેરમી સદીમાં નિમ્બાકાચાર્ય, ચૌદમી સદીમાં રામાનંદ અને પંદરમી સદીમાં વલ્લભાચાર્ય આવ્યા.

શ્રી શંકરાચાર્યે કૈવલાદ્વૈત, શ્રી રામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈત, શ્રી માધવાચાર્યે દ્વૈત, શ્રી નિમ્બાકાચાર્યે દ્વૈતઅદ્વૈત અને આપણા પરમ આરાધ્ય ગુરુ શ્રી વલ્લાભાચાર્યે શુધ્ધાદ્વૈત સિધ્ધાંત સ્થાપિત કર્યો. આ દરેક સિધ્ધાંતોને પ્રસ્થાપિત કરવામાં આચાર્યોએ વેદ, ઉપનિષદ, ભગવદ્ગીતા અને શ્રીમદ્ ભાગવતને પ્રમાણ માન્યુ છે. આ દરેક આચાર્યો પરસ્પર થોડાક મતભેદો સાથે એક જ સનાતન પરમાત્મા પુરુષોત્તમ નારાયણ શ્રી કૃષ્ણની ભક્તિ કરવાનું સૂચન કરે છે.

રામાનુજાચાર્યના અનુયાયી વૈષ્ણવો જ્ઞાનભક્તિના ઉપલક્ષમાં છે જ્યાર ચૈતન્ય મહાપ્રભુના અનુયાયી વૈષ્ણવો શ્રૃંગાર ભક્તિ અને નામસંકિર્તન માં વધુ તરબોળ છે. જો

કે તમામ વૈષ્ણવો કૃષ્ણના પુખ્તવયના સ્વરૂપથી દૂર ખસી ગયા છે. કૃષ્ણની જન્મભૂમિ અને પરાક્રમ ભૂમિ ઉત્તર ભારત હોવાં છતાં કૃષ્ણભક્તિની ગંગોત્રી દક્ષિણ ભારતમાં જ પ્રગટ થઈ છે.

વૈષ્ણવ સંપ્રદાય વિષ્ણુનો મટીને કૃષ્ણનો બની ગયો છે. જોકે, કૃષ્ણ અને વિષ્ણુમાં કોઈ અંતર નથી. આખો વૈષ્ણવ સમાજ કૃષ્ણભક્ત છે. તમામ વૈષ્ણવો શ્રીમદ્ ભાગવતને જ પ્રમાણગ્રંથ સ્વીકારે છે. નરસિંહ મહેતા અને મીરાંબાઈના કૃષ્ણ તેમને સ્વીકાર્ય નથી. વૈષ્ણવ સંપ્રદાય જૂનો છે પણ વૈષ્ણવ નામ નવું છે.

શરૂઆતમાં આ સંપ્રદાય સૂર્યોપાસક હતો. સૂર્યના નાનકડા સ્વરૂપ વિષ્ણુનું મહત્ત્વ વધતું ગયું તેમ તે વિષ્ણુભક્ત બનતો ગયો. પછીથી તે ભાગવત સંપ્રદાય કહેવાયો. મૌર્યવંશના પતન પછી પાંચસો વર્ષ અંધાધૂંધીમાં ગયા અને અગણિત દેવદેવીઓ, વિચારો, માન્યતાઓ હિન્દુ ધર્મમાં આવ્યા. આને કારણે બે મુખ્ય પ્રવાહ હિન્દુધર્મમાં આવ્યા– વૈષ્ણવ સંપ્રદાય અને શૈવ સંપ્રદાય. કૃષ્ણ જીવનમાં બાળલીલાના વૈષ્ણવ સંપ્રદાયની લોકપ્રિયતા અનેકગણી વધી ગઈ અને વિષ્ણુસ્વામી સંપ્રદાયથી કૃષ્ણના બાળસ્વરૂપની પૂજાનો આરંભ થયો. વલ્લભાચાર્યે આ સ્વરૂપને પુષ્ટિમાર્ગના ઉપાસ્યદેવ તરીકે અપનાવી લીધું. આ સ્વરૂપ વૈષ્ણવો માટે લાલન સ્વરૂપ બન્યું. મહાપ્રભુજીના અનુગામીઓ ગોસ્વામી કહેવાય. તે નામ પણ વલ્લભાચાર્યે અપનાવી લીધું અને પુષ્ટિમાર્ગની પરંપરામાં આચાર્યશ્રીઓ ગોસ્વામી કહેવાય છે. તેમણે કૃષ્ણભક્તિને બાલસ્વરૂપની ઉપાસનાનું રૂપ આપ્યું. અષ્ટછાપ કવિઓએ તેમાં પણ ખાસ કરીને સૂરદાસજીએ બાળલીલાના ઉત્તમોત્તમ પદો રચ્યાં છે. આથી, આજે સમગ્ર વૈષ્ણવ સંપ્રદાય કૃષ્ણની બાળલીલામાં મગ્ન છે.

મુસ્લિમ હકુમતની શરૂઆતમાં દિલ્હીના સુલતાનોએ ઉત્તર ભારતમાં વૃંદાવન અને તેની આસપાસના પ્રદેશોમાં કૃષ્ણના સ્વરૂપોનો નાશ કર્યો. પછી આ સ્વરૂપો રજપૂત હવેલીઓમાં સ્થાપિત થયા. વ્રજમાંથી છેક રાજસ્થાનમાં નાથદ્વારામાં રજપૂત હવેલીમાં શ્રીનાથજી સ્થાપિત થયા. કેટલાક રાજાઓએ હોળી જેવા ઉત્સવોમાં ઉત્સાહભેર ભાગ પણ લીધો.

પણ, બ્રિટીશ રાજ્યમાં બ્રિટીશરોને કૃષ્ણ માફક ન આવ્યા. ખાસ કરીને ભગવાન કઈ રીતે નાચી શકે, ગીત ગાઈ શકે કે સ્રીઓ સાથે રમી શકે તે વાત તેમની સમજમાં આવી નહીં. ૧૮૬૨માં મુંબઈ હાઈકોર્ટમાં બ્રિટીશ જજ સર મેથ્યુ સોસે કૃષ્ણને અપરાધી ઠેરવીને 'વિષયી' ગણાવ્યા. આ કારણે તત્કાલીન સમયે ઘણા ભારતીયોએ

અણગમો દર્શાવ્યો. ત્યારબાદ કૃષ્ણનું સુદર્શન ચક્રધારી સ્વરૂપ પ્રખ્યાત થઈ ગયું. જોકે, મોટાભાગના મંદિરોમાં કૃષ્ણનું ગોવાળ સ્વરૂપ જ વધુ સ્થાપિત થયેલ છે. મહાભારતમાં યુદ્ધ સાથે સંબંધિત યોગેશ્વર સ્વરૂપ વૈષ્ણવ સંપ્રદાયને ઓછું માફક આવ્યું છે.

ભાગવતમાં કૃષ્ણનું રસેશ્વર સ્વરૂપ દર્શાવેલ છે. ભગવદ્‌ગીતામાં યોગેશ્વર સ્વરૂપનું સ્વરૂપ અધિક પ્રખ્યાત છે, જેનું મહત્વ ૧૯મી અને ૨૦મી સદીમાં વધ્યું. હિન્દુત્વનું પ્રબળ રીતે થયેલું ઉત્થાન કૃષ્ણના આ સ્વરૂપોને આભારી છે.

વીસમી અને એકવીસમી સદીમાં નવા શહેરીકરણનો ઉદય થયો તેમ નવી પેઢીમાં બદલાવ આવ્યો છે. કૃષ્ણ હવે શ્યામ નથી પણ વાદળી આંખોવાળા ભગવાન (બ્લુ આઈ ગોડ) છે. કૃષ્ણનો રંગ કાળો નહીં, વાદળી છે. તેને વર્ષાઋતુના શરૂઆતના વાદળ સાથે વારંવાર સરખાવાય છે. વિષ્ણુનો રંગ વાદળી છે. વિષ્ણુ વાદળમાં વિહારે છે, સમુદ્રમાં પોઢે છે – બંને નીલવર્ણી છે.

એક સમયે સફેદ આરસ અશુભનું પ્રતીક ગણાતા હતા. જેને કારણે ગ્રેનાઈટ અને લાદી વધુ વપરાતા હતા. પરંતુ હવે આરસ છૂટથી વપરાય છે. કાર્ટૂન ચેનલ પર કૃષ્ણને ચતુર, બાહોશ અને  વિહાવળ નાયક તરીકે દર્શાવાય છે.

વરૂણને એક હજાર આંખ છે, ઈન્દ્રને એકસો આંખ છે. મને અને તમને માત્ર બે જ આંખ છે. માત્ર બે આંખથી આપણે કેટલું જોઈ શકીએ ?

**કૃષ્ણ –**

રાજા છે કે ગોવાળિયો ?
બાળક છે કે મિત્ર ?
પ્રેમી છે કે શિક્ષક ?
પુરુષ છે કે અર્ધનારી ?
આવેશમય છે કે ધીરગંભીર ?
કૃષ્ણ બ્લેક છે, બ્લ્યુ છે કે વ્હાઈટ છે ?

કૃષ્ણ આ બધું જ છે– પરિસ્થિતિ પ્રમાણે. માત્ર જોનારની દ્રષ્ટિ કેવી છે તેની પર આધાર રાખે છે.

(ક્રમશઃ)

**– હિમાંશુ શાહ, અમદાવાદ**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

## સફળતાનું સોપાન અસફળતાં



અસફળતાનો આઘાત જીરવવાની જેનામાં શકિત નથી એ માણસ કદી સફળતા મેળવી શકતો નથી. અસફળતાની ચિંતા કરનારા, નિષ્ફળ જવાની બીક રાખનારા, કદાચ સફળ નહીં થવાય તો એવા ઉચાટ વચ્ચે જીવનારા, મુશ્કેલીઓમાં ફસાઈ તો નહીં જવાયને ? એવી સતત ચિંતા કરનારાઓ જિંદગીને કદી સમૃધ્ધ અને સુંદર બનાવી શકતા નથી. જિંદગી એટલે માત્ર સફળતા એવું માની લેશો નહીં. જિંદગી સફળતા અને નિષ્ફળતાઓનો સરવાળો છે. જિંદગી સુખ અને દુઃખનું મિશ્રણ છે. જિંદગી સુખ અને દુઃખનું મિશ્રણ છે.

જે લોકો અસફળતા પછી પાછા બેઠા થઈ જાય છે અને ચાલવા માંડે છે એ લોકો જ જિંદગીમાં સફળ થઈ શકે છે. આગળ વધી શકે છે. સુખી થઈ શકે છે. કોઈ પણ ધંધો શરૂ કરો. પ્રવૃત્તિ શરૂ કરો. વ્યવસાય શરૂ કરો ત્યારે મનમાં શંકા કુશંકા લાવશો નહીં કે નુકશાન જશે તો શું થશે ? દ્વિધા, અવઢવ અને સંશય સાથે કરેલા કામને કદી સફળતા મળતી નથી. જે કાંઈ કરો તે પૂરી આત્મશ્રધ્ધા, આત્મવિશ્વાસ અને દ્રઢ મનોબળ સાથે શરૂ કરો મને સફળતા મળવાની જ છે એવી આશા સાથે શરૂ કરો. ગુજરાતીમાં એક કહેવત છે કે–જે રોતો જાય એ મૂવાનો ખબર લાવે. નબળા મનવાળા માણસને બધે જ અશુભ અને અમંગળ દેખાય છે.

એક સજજને એક નાના પાયા પર ઉદ્યોગની શરૂઆત કરી. સજજન સ્વપ્નશીલ માણસ. થોડા પૈસા આવ્યા એટલે નવું મકાન, ઉદ્યોગ માટે લીધું. નવી યંત્રસામગ્રી વસાવી. કેટલાક સંબંધીઓએ એમને આર્થિક સહાયની ખાતરી આપી એટલે વધારે પડતું દેવું કરી નાખ્યું અને ભારે આર્થિક ભીંસમાં આવી ગયા. હવે, કરવું શું ? તેઓ મનથી ભાંગી પડયા. એ સ્થિતિમાં એમને એક બીજા ગૃહસ્થ મળ્યા. એમણે દરખાસ્ત મૂકી બોલો તમારો ઉદ્યોગ – ધંધો મને આપી દેવો છે? હું તમારું બધું દેવું ભરપાઈ કરી દઉં. એ ગૃહસ્થ પણ આમ તો સામાન્ય માણસ. એમની પાસે બહુ પૈસા નહીં પણ મનોબળ મજબુત. આત્મવિશ્વાસ જબરો. પેલા સજજને હા પાડી અને ગૃહસ્થ મહિનાની મુદતમાં પૈસા ચૂકવવા મુદત લીધી. એ ગૃહસ્થે બેન્કની લોન લીધી. એક વધારાનું મકાન હતું તે વેચી દીધું. ગામમાં આઠ વીઘા જમીન હતી તે પણ વેચી નાખી. સગા–

સ્વ. વિદ્યાબહેન જમનાદાસ પારેખ (પાટણ) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.

સંબંધી પાસેથી ઉછીના રૂપિયા લીધા અને ચુકવી દઈને ધંધો હાથમાં લીધો. એ સમયે મંદી હતી. લોકોમાં ખરીદશક્તિ પણ ઓછી. આ બધુ છતાં સાહસ કરીને ધંધો ચલાવ્યો. શરૂઆતમાં નવા નવા અખતરા કર્યાં. પ્રયોગો કર્યાં પણ નિષ્ફળતા મળી. આમ છતાં એ માણસ હિંમત હારે નહીં. પોતાનો માલ લોકો સુધી પહોંચાડવા જાત જાતના નુસખા અજમાવે, પ્રચાર કરે, મહેનત કરે અને કેટલીક નિષ્ફળતાઓ પછી સફળતાનો સિલસિલો શરૂ થયો. એ ગમે તે કામ શરૂ કરે એને સફળતા જ મળે. એ ધૂળમાં હાથ નાખે તો ધૂળ સોનાની બની જાય આજે એ ગૃહસ્થ અતિ ધનવાન અને સમૃધ્ધ છે.

એક સંતપુરુષ એમના વ્યાખ્યાનમાં કહેતા હતાં નસીબનું તાળું એવું તો વિચિત્ર અને અટપટુ છે કે એ જલદી ખુલી જતું નથી. ચાવી લગાડી અને તરત જ ખૂલી જાય એવું તે તાળું નથી. એક ચાવી લગાડી ન ખુલે તો એવું માની લેવાનું નહીં કે તાળું ખૂલશે જ નહિં. એક ચાવી, બીજી ચાવી, ત્રીજી ચાવી, ત્રણ ચાવી લગાડી અને ઊઘડે નહીં તો એને પડતું મૂકશો નહીં કે માની લેશો નહીં કે એ ઊઘડશે જ નહીં. તમને ભગવાને ચાવીનો એક મોટો ઝૂમખો આપેલો છે. ચાવીઓ લગાડતા જાવ. એક ને એક ચાવી તમને એવી મળી જશે કે નસીબનું તાળું ફટાફટ ખૂલી જશે. ઈશ્વર પણ ક્યારેક કસોટી કરતો હોય છે. પહેલા જ પ્રયાસમાં એ તમારી આગળ સફળતાનો રતનથાળ ધરી દેતો નથી અને એ રીતે સરળતાથી કશું તમને આપી પણ દેતો નથી. ઈશ્વર તમારી ધીરજની, પુરુષાર્થની, હિંમતની અને તમારી શ્રધ્ધાની પરીક્ષા રતો હોય છે. તમે એ પરીક્ષામાંથી પાર ઊતરો એટલે એ તમારી આગળ સફળતાનું વરદાન લઈને હાજર થતો હોય છે. સંઘર્ષ અને ઝંઝાળ પછી મથામણ અને મહેનત પછી જે ચીજ પ્રાપ્ત થાય છે એનું મૂલ્ય અમૂલ્ય હોય છે. સંઘર્ષ પછી મેળવેલા રોટલાની મીઠાશ જ કંઈ ઔર હોય છે.

સફળ જીવન અને સાર્થક જીવન એ કોઈ નસીબદાર હોય એને જ સાંપડે છે. રૂપિયા, કિર્તિ, પ્રતિષ્ઠા કે નામના મેળવી કદાચ એ મેળવવામાં સફળ થાય. પણ સાર્થકતા તો એક જુદી જ ચીજ છે. તમે કેવી ભાવના થી કામ કરો છો કેવા હેતુથી કર્તવ્ય બજાવો છો. એની પર તમારા જીવનની સાર્થકતાનો આધાર છે.

**– દિલીપ શાહ, મુંબઈ**
**મો. ૯૬૮૯૯ ૧૨૧૪૮**

સ્વ. જશરાજ ભીમજી શાહ (ભૂજ-માંડવી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

# બ્રાન્ડથી સુપરબ્રાન્ડ સુધીની સફર
## Mercedes - Benz
## First Automobile Company



બ્રાન્ડથી સુપરબ્રાન્ડ સુધીની સફરમાં આજે આપણે એવી કંપની વિશે વાત કરીશું જે Automobile માં Top બ્રાન્ડમાંની એક બ્રાન્ડ છે. જેનું નામ છે Mercedes - Benz.

ઈ.સ. ૧૮૮૬ એ ઓટોમોબાઈલ ઉદ્યોગની દૃષ્ટિએ બહુ મહત્વનું વર્ષ હતું. જાન્યુઆરી ૧૮૮૬માં ૪૧ વર્ષના જર્મન એન્જીનીયર કાર્લ બેન્ઝે (૧૮૪૪–૧૯૨૯) ઇંધણથી ચાલતી પહેલી કાર 'બેન્ઝ પેટન્ટ મોટરવેગન' બનાવી, જે ત્રણ પૈડાંવાળી સાઈકલ જેવી દેખાતી હતી અને જેની કિંમત લગભગ $150 જેટલી હતી. ૧૮૮૬માં જ ગોટલીમ ડેમલરે (૧૮૩૪–૧૯૦૦) ચાર પૈંડાવાળી કાર બનાવી. એ માટે તેમણે ઘોડાગાડીના ઉત્પાદક વિમ્ફ એન્ડ સન પાસેથી ગાડી મંગાવી અને તેમાં પોતાનું 1.1hp નું એન્જીન ફીટ કરી દીધું. ડેમલર અને બેન્ઝ બંનેએ પોતાના નામે કંપનીઓની સ્થાપના કરી. કંપનીનું Headquarters Stuttgart, Germany છે.

પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મનની કાર ઉદ્યોગ સાવ પડી ભાંગ્યો. ફેક્ટરીઓ નાશ પામી, માંગ ઘટી ગઈ, ઇંધણની અછત સર્જાઈ અને કારો પર ૧૫ ટકાનો વૈભવ ટેક્ષ પણ લાગવા માંડ્યો. પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ૨૮ જુન ૧૯૨૬ના રોજ ડેમલર અને બેન્ઝ કંપનીઓએ એકમેકમાં ભળી જવાનો નિર્ણય કર્યો અને નવી કંપનીનું નામ મર્સિડીઝ–બેન્ઝ રાખવામાં આવ્યું. આમ તો નવું નામ ડેમલર–બેન્ઝ હોવું જોઈતું હતું. પરંતુ ત્યાં સુધીમાં ડેમલર કંપનીની મર્સિડીઝ કાર એટલી મશહૂર થઈ ગઈ હતી કે ડેમલરને બદલે મર્સિડીઝ નામ રાખવાનું વધારે ઉચિત લાગ્યું અને ૧ જ વર્ષમાં કુલ ૮૦૦૦ જેટલી કાર વેચાઈ ગઈ હતી. ૧૯૩૦–૧૯૪૩ સુધીમાં કંપનીનું Mercedes - Benz 770 મોડલ ખૂબ જ પ્રચલિત થયું અને કહેવામાં એવું પણ આવે છે કે એડોલ્ફ હિટલર પણ આ જ કાર ચલાવતા હતા અને આ મોડેલની એક કાર Ottawa ના War Museum માં રાખવામાં આવેલી છે.

૧૯૯૮માં ડેમલર – બેન્ઝ તથા ક્રાઈસલરનું જોડાણ થઈ ગયું અને ડેમલર ક્રાઈસલર

નામની નવી કંપનીનો ઉદય થયો. ૨૦૦૭માં ડેમલર કંપની ક્રાઈસલરથી અલગ થઈ. તેનું નામ છે ડેમલર એજી. મર્સિડીઝ બ્રાન્ડના નામનો ઈતિહાસ બહુ જ રોચક છે. ઓસ્ટ્રિયાના અમીર બેન્કર અને કાર રેસર એમિલ જેલીનિક ડેમલર કંપનીના શેરહોલ્ડર હતા. તેઓ રેસિંગ હરિફાઈ માટે ડેમલર કંપની કરતાં ઝડપી અને વધારે સારી કાર બનાવડાવવા ઈચ્છતા હતાં. તેમણે કહ્યું કે એન્જીન આગળ મૂકવું જોઈએ, એન્જીન વધારે શક્તિશાળી હોવું જોઈએ. ચેસીસ નીચે હોય એવી સ્ટાઈલીશ કારની ગતિ પણ ઝડપી હોવી જોઈએ. સંચાલક મંડળ આ નવી 'ક્રાંતિકારી' કાર બનાવતા અચકાતા હતા. જેલીનિકે તેમને એ પ્રલોભન આપ્યું કે આ મોડલની પહેલી ૩૬ કાર તેઓ પોતે ખરીદી લેશે. શરત બસ એટલી જ હતી કે તેનું નામ તેમની ૧૧ વર્ષની દિકરી 'મર્સિડીઝ'ના નામની હોવી જોઈએ, જેનો અર્થ સ્પેનિશ ભાષામાં "કૃપા" થાય છે. ૨૨ ડિસેમ્બર, ૧૯૦૦ ના રોજ ૪ સિલિન્ડરની પહેલી મર્સિડીઝ કાર વેચાઈ. જેલીનિક "મર્સિડીઝ"ના પહેલા ગ્રાહક હતા અને મર્સિડીઝ પહેલી સ્ટાઈલીશ "આધુનિક" કાર હતી. મર્સિડીઝનું આ મોડલ એટલું લોકપ્રિય થયું કે થોડા જ સમયમાં ડેમલર કંપનીની બધી કારો મર્સિડીઝના નામે જ વેચાવા લાગી. પહેલી મર્સિડીઝ કાર પર કોઈ સિતારો (લોગો) ન હતો, કારણ કે ૧૯૦૯ સુધી ત્રણ અણીવાળો સિતારો (લોગો) કંપનીનો અધિકૃત ટ્રેડમાર્ક ન હોતો બન્યો. હકીકતમાં આ ત્રણ અણીવાળો સિતારો (લોગો) "જમીન, પાણી અને હવા" માટે વાહન બનાવવાની ડેમલરની મહત્ત્વકાંક્ષાનું પ્રતીક છે. પછીથી બેન્ઝ કંપનીમાં વિલય થવાથી આ સિતારા (લોગો) સાથે બેઝ કંપનીનો ગોળો પણ જોડાઈ ગયો.

મર્સિડીઝ કંપની કારની ફક્ત લક્ઝરી કારનું જ પ્રોડક્શન નથી કરતું તે લક્ઝરી બસ, બાઈક, ટ્રક્સનું પણ પ્રોડક્શન કરે છે. હાલ કંપની ના સીઈઓ Dieter Zetsche છે, જેમની Annual Salary $2,27,600 છે. ૨૦૧૮માં કંપનીએ અંદાજે 2.3 Million Cars વેચી હતી. Fortune 500 માં કંપનીનો Rank 19 માં ક્રમે છે. ૨૦૧૯માં કંપનીની આવક $197.51 Billion હતી અને નફો $8.5 Billion હતો. જે પાછલા વર્ષના નફાના પ્રમાણમાં ૨૭.૯ ટકાનો ઘટાડો હતો. કંપનીમાં કુલ ૨,૯૮,૬૮૩ માણસો કામ કરે છે. કંપનીની કુલ મિલ્કત $321.89 Billion ની છે. આજે કંપનીના શેરની કિંમત 36.76 EUR છે. ભારતમાં Mercedes - Benz ની Factory બેંગ્લોર, ચેન્નાઈ અને પૂનામાં આવેલી છે.

કંપનીનું SLOGAN :- "THE BEST OF NOTHING".

ડૉ. કિશોરભાઈ રસિકલાલ પરીખ (અંકલેશ્વર)ના જય શ્રી કૃષ્ણ.

**બ્રાન્ડ મેનેજમેન્ટના પાઠ :**

– મર્સિડીઝ–બેન્ઝ શરૂઆતથી જ પોતાને પ્રેસ્ટીજ બ્રાન્ડ તરીકે પ્રસ્થાપિત કરી હતી. શરૂઆતનાં ૫ વર્ષો સુધી કેટલાક દેશોમાં મર્સિડીઝના વેચાણના અધિકારો જેલીનિકની પાસે હતા. તેમણે સુનિયોજિતપણે મર્સિડીઝ કાર ફક્ત પ્રભાવશાળી લોકોને જ વેચી. કેમ કે મર્સિડીઝ કાર ફક્ત ઉચ્ચ શ્રેણીના ગ્રાહકોને જ મળી શકતી હતી. એટલે તે પ્રેસ્ટીજ બ્રાંડ તરીકે પ્રસ્થાપિત થઈ ગઈ. ઊંચી કિંમતને કારણે પણ મર્સિડીઝ–બેન્ઝ પ્રેસ્ટીજ બ્રાન્ડની શ્રેણીમાં આવે છે. કેટલાક સમયથી કંપની મર્સિડીઝ બ્રાન્ડ નેમ કરતાં પ્રમાણમાં સસ્તી કારો બનાવીને વેચાણ વધારવા ઈચ્છે છે પણ તેથી કંપનીને ફાયદો થોડો અને નુકસાન વધારે થશે કારણ કે તો તેની પ્રેસ્ટીજ બ્રાન્ડ નબળી પડી જશે.

– મર્સિડીઝે શરૂઆતથી જ ગુણવત્તાને મહત્વ આપ્યું છે. ગોટલીબ ડેમલર કોઈ પણ પ્રકારનું સમાધાન કરવું પડે તે વાતને નફરત કરતા હતાં. તેમનું બ્રહ્મવાક્ય હતું. "કાં તો સર્વશ્રેષ્ઠ અથવા કાંઈ પણ નહીં." ૧૮૯૪માં પેરિસમાં થયેલી પહેલી કાર રેસમાં ૪૬ હરીફોએ ભાગ લીધો હતો અને પહેલી ત્રણ વિજેતા કારોમાં ડેમલરના બનાવેલાં એન્જીન હતા. ઉત્કૃષ્ટતા એ મર્સિડીઝ–બેન્ઝની કાયમી પરંપરા અને વારસો છે. મર્સિડીઝે ફ્યુઅલ ઈન્જેક્શન અને એન્ટી–લોક બ્રેકિંગ સિસ્ટમ જેવી કેટલીયે નવી ટેકનીક શોધી છે. ૧૯૮૦ના દશકામાં મર્સિડીઝે વિશ્વની પહેલી રોબોટ કાર બનાવી. નવીન સંશોધનો અને ઉત્કૃષ્ટતાને લીધે જ મર્સિડીઝે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે.

**રસપ્રદ તથ્ય :-**

– મર્સિડીઝ એ ઓસ્ટ્રિયાના કાર રેસર એમિલ જેલીનીકની દીકરીનું નામ હતું, જેનાં ઉપરથી ડેમલર કંપનીની કારનું નામ મર્સિડીઝ રાખવામાં આવ્યું હતું જ્યારે મર્સિડીઝ કાર ખૂબ જ લોકપ્રિય થઈ ગઈ, ત્યારે જૂન ૧૯૦૩માં એમિલ જેલીનિકે પોતાનું નામ બદલીને જેલીનીક–મર્સિડીઝ કરવાની પરવાનગી લીધી અને કહ્યું, "કદાચ ઈતિહાસમાં પહેલીવાર કોઈ પિતા પોતાનું નામ પોતાની દીકરીના નામ પરથી રાખે છે."

**– રોનક પ્રફુલ્લભાઈ શાહ**
**ભૂજ – કચ્છ**
**મો. ૯૩૭૭૯ ૯૦૦૫૭**

પ્રવીણાબહેન દીપકભાઈ દલાલ, વિલે પાર્લે (પૂર્વ), મુંબઈ ના જય શ્રી કૃષ્ણ.

# સંસ્કૃત



## द्वितीयं दिनम्

**हरिः ॐ**

**कथं सन्ति सर्वे?**

सः कः? તે (પું.)કોણ છે?

सः रमेशः । सः परेशः । सः नरेन्द्रः । सः मम तातः । તે રમેશ / પરેશ / નરેન્દ્ર / મારા પિતાજી (છે)

सा का? તેણી (સ્ત્રી.) કોણ છે?

सा राधा । सा प्रियंवदाः । सा गीता । सा मम जननी । તેણી રાધા / પ્રિયંવદા / ગીતા / મારી માતા (છે)

तत् किम्? તે (નપું.) કોણ છે?

तत् फ़लम् । तत् द्वारम् । तत् वातायनम् । तत् मम मित्रम् । તે ફળ / દરવાજો / બારી / મારો મિત્ર (છે)

एषः कः? આ (પું.)કોણ છે?

एषः अरविन्दः । एषः काकः । एषः सिंहः । एषः मम भ्राता । આ અરવિંદ / કાગડો / સિંહ / મારો ભાઈ (છે)

एषा का? આ (સ્ત્રી.) કોણ છે?

एषा सुन्दरी । एषा चटका । एषा नदी । एषा मम भार्या । एषा मम भगिनी । આ સુંદરી / ચકલી / નદી / મારી પત્ની / મારી બહેન (છે)

एतत् किम्? આ (નપું.) કોણ છે?

एतत् पुष्पम् । एतत् नेत्रम् । एतत् व्यजनम् । एतत् चित्रम् । આ ફૂલ / આંખ / પંખો / ચિત્ર (છે)

अहं अध्यापकः / चिकित्सकः / अभियन्ता / अस्मि । હું અધ્યાપક / ડોક્ટર / ઈજનેર છું.

एषः कुम्भकारः / लोहकारः / स्वर्णकारः अस्ति । આ કુંભાર / લુહાર / સોની છે.

सः अर्चकः / बालकः / बिक्षुकः अस्ति । તે પુજારી / બાળક / ભિક્ષુક છે.

एषा गृहिणी / वृद्धा / शाटिका अस्ति । આ ગૃહિણી / વૃદ્ધા / સાડી છે.

सा नटी / बालिका / पिपीलिका अस्ति । તેણી અભિનેત્રી / બાલિકા / કીડી છે.

एतत् जलं / विमानं / भवनम् अस्ति । આ જળ / વિમાન / ભવન છે.

तत् दुग्धं / गृहं / उद्यानम् अस्ति । તે દૂધ / ઘર / ઉદ્યાન છે.

इदानीं अधोलिखितानां शब्दानाम् उपयोगेन वाक्यनिर्माणं कुर्वन्तु ।

હવે નીચે આપેલા શબ્દો પરથી વાક્યનિર્માણ કરો.

**वृक्षः, हरिणः, पर्णम्, नासिका, मुखम्, विद्यालयः, सोपानम्, पाठशाला, पुस्तकम्, कनीनिका**

**ગતાંકની છાપકામની ભૂલનો સુધારો...**

क्षम्यताम् । ક્ષમા કરજો (Excuse/Pardon me.)
चिन्तामास्तु । ચિંતા ન કરશો. (Don't worry.)
कृपया । કૃપા/મહેરબાની કરીને. (Please.)

## सुभाषितम् ।।

भारतस्य प्रतिष्ठे द्वे संस्कृतं संस्कृतिस्तथा इति ।
વિશ્વમાં ભારત બે વસ્તુ માટે પ્રતિષ્ઠિત છે, સંસ્કૃત તથા સંસ્કૃતિ.

*अङ्गानां नामानि*

*शिरः – માથું.*

*केशः – વાળ*

*ललाटम् – કપાળ*

*नेत्रम् – આંખ*

*कर्णः – કાન*

*नासिका – નાક*

*भ्रूः – ભ્રમર*

*पक्ष्मः – પાંપણ*

*कनीनिका – આંખની કીકી*

*ओष्ठः – ઉપલો હોઠ*

*अधरम् – નીચલો હોઠ*

*मुखम् – મોઢું*

*जिह्वा – જીભ*

*दन्ताः – દાંત*

*स्मश्रुः – દાઢી-મૂછ*

*चिबुकम् - દાઢી*

*कपोलः – ગાલ*

*कण्ठः – ગળું*

**– ડો. મેહુલ શાહ,**
**ભૂજ–કચ્છ**

## અભિનંદન – અમદાવાદ

ચિ. શ્રેયા શ્રેણિકભાઈ પરીખની નિમણૂક Honorary State Secretary, Gujarat, W.E.E, તરીકે Confederation of India Mico, Small and Medium Enterprice & Internation Council of Techology, Managament & applied Engineering દ્વારા કરવામાં આવી છે.

## અભિનંદન – વડોદરા

શ્રી જીગરભાઈ પ્રવિણચંદ્ર મારફતિયાની પુત્રી અને શ્રી પ્રવિણચંદ્ર હસમુખલાલ મારફતિયાની પૌત્રી ચિ. પુષ્ટિએ ધો. ૧૦ સી.બી.એસ.ઈની બોર્ડની પરીક્ષામાં ૯૭.૪ ટકા માર્કસ સાથે પાસ કરેલ છે. જે ડી.પી.એસ. સ્કૂલ, વડોદરામાં દ્વિતીય ક્રમાંકે રહી છે. ચિ. પુષ્ટિ એ મેથ્સમાં ૧૦૦/૧૦૦ અને સાયન્સમાં ૯૭/૧૦૦ માર્કસ મેળવ્યા છે. વાયડામિત્ર ટીમ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

આ પ્રસંગે શ્રી જીગરભાઈ તરફથી વા. મિ. ને રૂા. ૨૦૦૧/–ની ભેટ મળેલ છે.

## લગ્ન વિષયક

પાટણ સ્થિત દશા વાયડા વણિત જ્ઞાતિની B.Sc. (IT) થયેલી અને વેબ ડીઝાઈનીંગનો કોર્સ કરેલ યુવતી, જ. તા. ૧૨–૦૬–૧૯૯૬, ઉ. ૫'૩", વજન ૬૫ કીલો માટે યોગ્ય યુવકનાં વાલી તરફથી જન્માક્ષર અને બાયોડેટા સાથે સંપર્ક આવકાર્ય છે.

E-mail : sunish42@gmail.com

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શ્રી વાયુદેવતા મંદિર, વડોદરા

૧. શ્રી વાયુદેવા મંદિરે ચૈત્ર સુદ – ૬ નો હવન નિર્ધારિત તારીખે અને સમયે, જૂજ જ્ઞાતિજનોની હાજરીમાં, આપણી પરંપરા મુજબ થયો હતો. કુળદેવતા તથા કુળદેવીના આશીર્વાદથી હવન કોઈ પણ વિઘ્ન વિના સંપન્ન થયો હતો.

૨. શ્રી વાયુદેવતા મંદિરને નીચે મુજબ ભેટ મળેલ છે.

૧) રૂા. ૫,૦૦૦/– અખંડ દીવાના ઘી માટે શ્રીમતી નીલાબેન ગૌરાંગભાઈ દેસાઈ, વડોદરા (હાલ સુરત) તરફથી

૨) રૂા. ૩૦૦/– શ્રી વિરેન્દ્રકુમાર આર. પરીખ, મુંબઈ તરફથી સ્વ. સોનલબેનના સ્મરણાર્થે તેઓના જન્મદીન નિમિત્તે.

૩. વડોદરા વિશા વાયડા જ્ઞાતિના સ્વ. ચંપકલાલ ચુનીલાલ શાહ અને સ્વ. ચંદ્રબાળાબેન ચંપકલાલ શાહના પરીવારજનો તરફથી વડીલોના સ્મરણાર્થે
રૂા. ૧,૩૧,૦૦૦/–ના અનુદાનની રકમના વ્યાજમાંથી, જ્ઞાતિના જરૂરિયાતવાળા કુટુંબને શક્ય તેટલી રકમ, મેડીકલ સહાયરૂપે આપવામાં આવશે. જરૂરિયાતવાળા જ્ઞાતિજન જો અન્યથી સેવા ન મેળવતા હોય તો જ પોતાની અરજી વિશા વાયડા વણિક ટ્રસ્ટને લખી શ્રી વાયુદેવતા મંદિર, બાજવાડા, વડોદરા – ૧ ના સરનામે મોકલી શકે છે.

૪. શ્રી વાયુદેવતા મંદિરે કલરકામ હાથ ધરવામાં આવેલ તે પૂર્ણ થઈ ગયેલ છે. નિજમંદિરના (ગ્રાઉન્ડ ફલોર)ના કલર માટે આપણને શ્રી સચીનભાઈ સુરેશભાઈ શ્રોફનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. તેમજ સમગ્ર મંદિર પરિસરની બહારની દિવાલો માટેનો પીડીલાઈટ કંપનીનો પ્રાઈમર તથા રેઈનકોટ વોટર પ્રુફીંગ કલર શ્રી દીલીપભાઈ મોહનલાલ પારેખના સુપુત્ર શ્રી જીગ્નેશભાઈ પારેખ દ્વારા પૂરા પાડવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત લગભગ રૂા. ૩૫,૦૦૦/– થાય છે. મંદીરના બાકીના ભાગનો કલરકામ તથા મજુરી ખર્ચ આશરે રૂા. ૧,૧૫,૦૦૦/–નો ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે. વડોદરાના મે. રેણુકા પ્રિન્ટરી દ્વારા પણ આર્થિક સહયોગ પેટે રૂા. ૨૫૦૦/– મળેલ છે. આપ સૌની સખાવત બદલ આપના ખુબ આભારી છીએ.

૫. ભાદરવા સુદ ૫ નો હવન વડોદરા શ્રી વાયુદેવતા મંદિરમાં તા. ૨૩–૮–૨૦૨૦ રવિવારના રોજ થશે. હાલની પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને સમગ્ર યજ્ઞ બ્રાહ્મણો દ્વારા પરિપૂર્ણ કરવામાં આવશે. જ્ઞાતિજનોને સહકાર માટે વિનંતી.

૬. મંદિરને પાંચ સેલો ખુરશી સ્વ. શ્રી રોહિતભાઈ ડી. શાહના સમરણાર્થે ધર્મિષ્ઠાબેન ડી શાહના તરફથી ભેટ મળેલ છે. તેમનો ખૂબ આભાર.

**– કશ્યપભાઈ શ્રોફ, બાજવાડા, વડોદરા**

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શેઠ ત્રિભોવનદાસ વેણીદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ

આથી શ્રી દશા વાયડા વણિક જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ બહેનો તથા જ્ઞાતિબંધુઓને જણાવવાનું કે આ સાથે નીચે મુજબની એક યોજના તા. ૧-૧૧-૯૧થી શરૂ કરવામાં આવી છે. તે સુધારા-વધારા સાથે સને ૨૦૨૦-૨૦૨૧ વર્ષ માટે ચાલુ રાખવામાં આવી છે. જેની રૂપરેખા નીચે મુજબ છે.

**શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના :** આ યોજના હેઠળ મદદ નહિ પણ મેરીટના આધારે સ્કોલરશીપ આપવામાં આવે છે. કોઈ પણ સંકોચ વગર આ યોજનાનો લાભ સમસ્ત દશા વાયડા વણિક જ્ઞાતિના વિદ્યાર્થીઓ લઈ શકે છે. SSC અને HSC ની પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધુ માર્કસ લાવનારને SSC રૂા. ૭૫૦/- અને HSC રૂા. ૧૦૦૦/- મુજબ સ્કોલરશીપ આપવામાં આવશે. સ્કોલરશીપ લેવા માટે આગળ અભ્યાસ કરવો જરૂરી છે.

**અરજી પત્રક નં. ૩**

| કોલેજનો અભ્યાસ | ૧લું વર્ષ | ૨જુ વર્ષ | ૩જુ વર્ષ | ૪થું વર્ષ | સ્નાતક |
|---|---|---|---|---|---|
| કોર્ષ માટે | ૭૫૦ | ૮૫૦ | ૧૦૦૦ | - | 60% |
| અનુ સ્નાતક કોર્ષ માટે | ૧૦૦૦ | ૧૨૦૦ | - | - | 50% |
| ડીગ્રી કોર્ષ | ૧૦૦૦ | ૧૨૦૦ | ૧૩૫૦ | ૧૫૦૦ | 50% |
| ડીપ્લોમા કોર્ષ | ૮૦૦ | ૧૦૦૦ | ૧૨૦૦ | - | 50% |

**સર્વાંગી વિકાસ યોજના :** બીજા કોઈપણ ક્ષેત્રમાં અપૂર્વ સિધ્ધી પ્રાપ્ત કરનારને યોગ્ય પારિતોષિક આપવામાં આવશે. (અરજી પત્રક નં. ૪)

**ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય :** ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક સહાય મેળવવા અરજી પત્રક નં. ૧ મોકલવાનું રહેશે. જેની સાથે છેલ્લા પાસ કરેલ ધોરણની માર્કશીટ તથા કોલેજ ફીની રસીદ તેમજ પુસ્તકોના બીલની કોપી મોકલવાની રહેશે.

તબીબી સારવાર માટે સહાય : તબીબી સહાય માટે અરજી પત્રક નં. ૨ મેળવી દવાના બીલ તેમજ ડોક્ટરના સર્ટીફીકેટ સાથે મોકલવાના રહેશે. આ અરજી વરસમાં કોઈ પણ અરજી પત્રક સાથે નીચેની વિગત અચુક જણાવવી

બેન્કનું નામ, બ્રાન્ચ અને એકાઉન્ટ નંબર

અરજદારનો વોટ્સએપ નં. અથવા ઈ-મેલ એડ્રેસ, મો. નંબર જરૂરથી આપવો.

પોસ્ટલ સ્ટેમ્પ લગાડેલું જવાબી કવર બીડવું.

અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૩૦-૯-૨૦૨૦

ઉપરની સમગ્ર યોજના સંબંધે પત્ર વ્યવહારનું સરનામું નીચે મુજબ છે.

૧. પ્રાણજીવન કે. શાહ
એ–૬૦૩, સાંઈ આશાદીપ, સેવારામ લાલવાની રોડ, વિઠ્ઠલનગર
મુલુંડ (પ.) મુંબઈ – ૪૦૦૦૮૦
મો. નં. ૯૩૨૪૬૧૧૩૦૧
E-mail : npshah1711@gmail.com
૨. નૈલેશભાઈ કે. શાહ
૬૦૩, વિજય એપાર્ટમેન્ટ, એમ. જી. રોડ, નં. ૩
સ્વીમીંગ પુલની પાછળ, સારસ્વત બેંક પાસે,
કાંદીવલી (પ.) મુંબઈ – ૪૦૦૦૬૭
(મો.) ૯૮૯૨૨૮૯૫૧૩

ટ્રસ્ટના અરજીપત્રક E-mail : npshah1711@gmail.com પરથી મેળવી શકાશે.

**– પ્રાણજીવન કે. શાહ**
**મેનેજીંગ ટ્રસ્ટી**

**શ્રી કચ્છી વાયડા જ્ઞાતિ કેળવણી ફંડ**

ઉપર્યુક્ત ટ્રસ્ટ તરફથી કચ્છી વાયડા જ્ઞાતિના સર્વે વિદ્યાર્થી ભાઈ–બહેનોને વર્ષ ૨૦૨૦–૨૧ માટે સ્કોલરશીપ આપવામાં આવશે. એ માટે વર્ષ ૨૦૨૦માં પાસ કરેલ ધોરણની માર્કશીટ અરજીપત્રક સાથે આપવાની રહેશે. દરેક ધોરણના વિદ્યાર્થીઓ અરજી કરી શકે છે. ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ–બહેનોને મદદરૂપ થવાનો છે. ઉચ્ચ અભ્યાસમાં સરકારમાન્ય કોઈ પણ કોર્ષ માટે ટ્રસ્ટની આવકને ધ્યાનમાં લઈને મદદ કરવામાં આવશે. ઉચ્ચ અભ્યાસની સ્કોલરશીપ મેળવવા માટે અલગથી અરજી કરવાની રહેશે. અરજી સાથે પાસ કરેલ ધોરણની માર્કશીટ, ઉચ્ચ અભ્યાસની વિગત, કોલેજનું પ્રોસ્પેક્ટીવ અથવા ફી ભરી હોય તો એની રસીદ આપવાની રહેશે સાથે પોતાનો મો. નંબર અને બેન્ક ખાતાની વિગતો અવશ્ય આપવી.સામાન્ય સ્કોલરશીપ માટેના અરજીપત્રક નીચે જણાવેલ પ્રતિનિધિઓ પાસેથી મેળવી શકાશે અથવા ઈ–મેઈલથી મંગાવી શકાશે. E-mail : npshah1711@gmail.com, ૧. શ્રી ભરત જે. શાહ, ભુજ – કચ્છ, ૨. શ્રી અશ્વીન કે. શાહ, માંડવી – કચ્છ, ૩. શ્રી પ્રાણજીવન કે. શાહ – મુંબઈ

અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦–૯–૨૦૨૦ છે. ત્યારપછી આવેલ અરજી પત્રક પર  ધ્યાન આપવામાં આવશે નહીં.

**– પ્રાણજીવન કે. શાહ, મેનેજીંગ ટ્રસ્ટી**

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ**, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત શ્રી પ્રમોદભાઈને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

## જન્મ

અમદાવાદ : ડો. ધવલભાઈ કિશોરભાઈ ગાંધી અને ડો. ખ્યાતિબેન ધવલભાઈ ગાંધીને ત્યાં પુત્ર જન્મ તા. ૧૮–૬–૨૦૨૦.

ભૂજ : રેખા કિશોર શાહની પુત્રી ચિ. હિરલ નિતિશ શાહનાં ઘરે પુત્રી કશ્વીનાં જન્મ નિમિત્તે વા. મિ. ને રૂા. ૨૫૧/– ભેટ મળેલ છે.

ભૂજ : જયાલક્ષ્મી જેઠાલાલ શાહનાં પૌત્ર નિતિશ મહેશ શાહના ઘેર પુત્રી કશ્વીનાં જન્મ નિમિત્તે વા. મિ. ને રૂા. ૫૦૧/– ભેટ મળેલ છે.

## પરીક્ષા પાસ

અમદાવાદ : ઉર્મિત અમિત શાહે માસ્ટર્સ ઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ કન્સ્ટ્રક્શનમાં ડીસ્ટીંકશન માર્ક સાથે Swinburne University, મેલબોર્ન, ઓસ્ટ્રેલિયાથી પાસ કરેલ છે.

અમદાવાદ : પ્રિત જીગર શાહ, એસ.એસ.સી ની પરીક્ષા ૭૪ ટકા સાથે ૯૨.૮૫ પર્સેન્ટાઈલથી પાસ કરેલ છે.

વડોદરા : જીગરભાઈ પ્રવિણચંદ્ર મારફતિયાની પુત્રી ચિ. પુષ્ટિ ધો. ૧૦ (સી.બી.એસ.સી)ની પરીક્ષામાં ૯૭.૪ ટકાથી પાસ કરેલ છે. આ નિમિત્તે જીગરભાઈ તરફથી રૂા. ૨૦૦૧/– ભેટ મળેલ છે.

## સ્મરણાંજલિ

★★★





**સ્વ. અરવિંદભાઈ મહેતા**
સ્વર્ગવાસ : ૨૫–૮–૧૯૯૮

**સ્વ. નિકુંજબહેન મહેતા**
સ્વર્ગવાસ : ૨૮–૩–૨૦૨૦

યાદ આવે તમારી
ને આંખો છલકાય છે આજેય
વસમી ગોલોકવિદાય વેળાની યાદે
હૈયુ વલોવાય છે આજેય
તમે અમારા પ્રેરણાદિપક આજેય
તમે અમારા હિતરક્ષક આજેય
તમને કોટી કોટી વંદન

**તૃપ્તિ દેસાઈ**
**પાર્થિવ દેસાઈ**

**તપન મહેતા**
**યોગિની મહેતા**

**૯૮૨૫૦ ૯૭૯૭૩**

# વાયડા મિત્ર ન મળવા અંગે ...

કેટલાંક સમયથી 'વાયડામિત્ર' નિયમિત ન મળવાની ફરિયાદ વધતી રહે છે. 'વાયડામિત્ર' નિયમિત રીતે દર માસની ૧૦મી તારીખે અચૂક પોસ્ટ કરવામાં આવે છે. પરંતુ કોઈક કારણોસર અંક નિયમિત મળતાં નથી માટે વાયડામિત્ર જે તે માસની ૨૫મી તારીખ સુધી ન મળે તો નીચેનાં સરનામેથી રૂબરૂમાં પણ મેળવી શકાશે.

(૧) ફોન : ૦૭૯-૨૬૬૩૦૫૭૧
શ્રી વાયુદેવતાજી મંદીર,
ભાવના ફ્લેટ પાછળ,
નારાયણનગર રોડ,
પાલડી, અમદાવાદ

(૨) ફોન : ૦૭૯-૨૭૪૧૨૧૯૩
શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ
બી/૩૦૬, રુદ્ર આર્કેડ,
મે-ફ્લાવર હોસ્પિટલ પાસે,
હેલ્મેટ સર્કલ ડ્રાઈવ-ઈન રોડ,
અમદાવાદ

(૩) મો. ૯૯૦૯૨૬૫૨૭૦
શ્રી ઉમાકાંતભાઈ જે. પરીખ
શ્રી જે. જે. પરીખ એન્ડ બ્રધર્સ
૧૯, મહાકાંત, એલીસબ્રીજ,
અમદાવાદ

(૪) ફોન : ૦૨૬૫-૨૩૩૫૨૫૯
શ્રી હર્ષદભાઈ શ્રોફ
પ્રણવ ઈલેક્ટ્રીકલ્સ,
૧૪/એ, રાજલક્ષ્મી કોમ્પ્લેક્ષ,
જુના પાદરા રોડ, વડોદરા

(૫) મો. ૯૮૨૪૬૬૭૩૨૩
શ્રી અજય અરવિંદભાઈ પરીખ
શ્રી ગીરીરાજ શુટિંગ શર્ટિંગ,
૩/૪, અવિપ કોમ્પ્લેક્ષ, સ્ટેટ બેંક રોડ,
વેરાઈ ચકલા, પાટણ-૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

## દીપોત્સવી અંક અંગે

દિવાળી અંકમાં ઘણા જ્ઞાતિબંધુઓ પોતાની જાહેરાત આપી ‘વાયડામિત્ર’ પ્રત્યેની શુભ ભાવના પ્રગટ કરે છે. આનાથી ‘વાયડામિત્ર’ને આર્થિક રીતે ઘણી મોટી મદદ મળી રહે છે. અમે તે સૌનાં આભારી છીએ. વાયડા મિત્રને મદદ કરવાનાં ઉદ્દેશ્યથી ચાલુ વર્ષે નવીન જાહેર ખબર આપવાની ઈચ્છા હોય તો મને જણાવવા આગ્રહભરી વિનંતી છે.

- આ વર્ષે દિવાળી અંક **૨૫મી ઑક્ટોબરે** પ્રસિદ્ધ થશે જેથી નવેમ્બર માસનો અંક પ્રસિદ્ધ થશે નહિ, જેની વાચકમિત્રોએ ખાસ નોંધ લેવા વિનંતી છે.
- દિવાળી અંકનાં અંદરનાં પાનાંઓમાં આગલા વર્ષે જેમની જા.ખ. છપાઈ હોય તેમની જા.ખ. બીજા વર્ષે પણ રિપીટ કરવામાં આવે છે.
- આપની જા.ખ.ના લખાણમાં ફેરફાર કરવાનો હોય અગર સંજોગોવશાત્ જા.ખ. છાપવાની ન હોય તો તા. ૩૦-૦૯-૨૦૨૦ સુધીમાં ફક્ત લેખિતમાં (Whats App, SMS, email અથવા પત્ર દ્વારા) જાણ કરવી અન્યથા ગત વર્ષની જેમ જ જા.ખ. છાપીશું.
- દિવાળી અંકના ટાઈટલ પેજ (૨,૩,૪) ઉપર ઘણાં ભાઈ-બહેનો પોતાની જાહેરાત છપાવવા ઇચ્છે છે પરંતુ બધી જા.ખ.નો સમાવેશ થઈ શકતો નથી. આથી જ્ઞાતિબંધુઓની માંગણીને માન આપી આ વર્ષે પણ બે કવર પેજ (મલ્ટીકલર) છાપવાનો નિર્ણય કરેલ છે. (એક આઉટર કવર પેજ તથા બીજુ ઈનર કવર પેજ). **બેક કવર પેજનો દર રૂ. ૩૦૦૦/- તથા ૬(છ) ઈનર કવર પેજનો દર રૂ. ૨૦૦૦/- રાખેલ છે. ૩૦-૦૯-૨૦૨૦ પહેલાં મને જાણ કરવા વિનંતી છે.** આવેલ વિનંતીઓમાંથી ડ્રો દ્વારા નક્કી કરી ટાઈટલ પેજ ઉપર જા.ખ. છાપવામાં આવશે.
- અંદરના પાને મલ્ટી કલર પેજ છાપવાનો દર **રૂ. ૧૫૦૦/-** રાખેલ છે.
- દિવાળી અંકમાં આખા પેજ પર સિંગલ કલરમાં જા.ખ. છાપવાનો દર **રૂ.૬૫૦/-** છે જ્યારે અડધા પાનાની સિંગલ કલર જા.ખનો દર **રૂ.૩૫૦/-** છે.
- દિવાળી અંક માટેની જા.ખ. ફક્ત jpeg ફાઈલમાં મોકલવાની રહેશે.
- જા.ખ.ની સાઈઝ 12 cm (W) x 16 cm (H) ની રહેશે.
- **દિવાળી અંક માટેના અહેવાલ, વાર્તાઓ, લેખ તથા કવિતાઓ મોકલવાની છેલ્લી તારીખ ૩૦-૦૯-૨૦૨૦ છે જે ફક્ત તંત્રીશ્રીને મોકલવા જેની સૌ વાચકમિત્રો એ સવિશેષ નોંધ લેવી.**

**- નિશીથ એ. પરીખ, વ્યવસ્થાપક**



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN
### Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Regi. under RNI No. 6316/57. Permitted to post at Ahmedabad PSO On 10th of every month under postal regd. No. MEH Dn.-296/2019-2021 Issued By SSP, Mehsana, Valid upto 31-12-2021 પ્રકાશન ૧૦/૮/૨૦૨૦




ઈન્દુભાઈ ડાહ્યાભાઈ શાહ પરિવાર

તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

# PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH